RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 18-08-2026 I VOL : 12 I Issue : 153 I Page : 8 I Price : 1.00/-


સુવિચાર


મુશ્કેલ સમય તમને મજબૂત બનાવે છે.
દરેક દિવસ કંઈક નવું શીખો.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN   Contact :- MO : 9662420070  E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ,

3  રિપલ એન્જિન ખાડા પર દોડી રહ્યું છે: કરોડોનો ટોલ વસૂલાતો હોવા છતાં...

4  ભૂગર્ભમાં કંડારેલું શિલ્પકળાનું મહાકાવ્ય: અડાલજની જગવિખ્યાત...

6  દિવ્યા ખોસલા કુમારે મધદરિયે બોટ ચલાવી, બોલ્ડ ફોટો શેર કર્યા

7  જૂના વાહનો માટે E10 પેટ્રોલ પાછું લાવો...', સરકારના આર્થિક...

## એક નજર...

### નિકિતા શર્માનો ગ્લેમરસ અવતાર, પિંક ફ્લોરલ ડ્રેસમાં આપ્યા સિઝલિંગ પોઝ



તાજેતરમાં અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ પર કેટલીક બોલ્ડ તસવીરો શેર કરી છે જેણે સોશિયલ મીડિયા પર તાપમાન વધારી દીધું છે. એક્ટ્રેસની આ કિલર તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. તેમજ તેના ફેન્સ તેની હોટનેસના વખાણ કરતા થાકતા નથી.નિકિતા શર્મા સોશિયલ મીડિયા પર ખુબ એક્ટિવ રહે છે.

### ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ પોતાની નવી ટીમની જાહેરાત કરી

# ભાજપની નવી ટીમમાં માત્ર 18% મહિલાઓ

## 65 સભ્યોમાં 51 નવા ચહેરા, વસુંધરા સૌથી વૃદ્ધ, યુવા મોરચાના અધ્યક્ષ કરતાં 38 વર્ષ મોટા

નવી દિલ્હી

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીને સોમવારે પોતાની નવી ટીમની જાહેરાત કરી છે. તેમાં 65 સભ્યો છે. તેમાંથી 12, એટલે કે 18% મહિલા સભ્યો છે. 14 સભ્યોને ફરીથી જવાબદારી સોંપવામાં આવી છે, જ્યારે 51 નવા સભ્યો છે. 73 વર્ષના વસુંધરા રાજે સૌથી સિનિયર છે. જ્યારે 35 વર્ષના ડોક્ટર હેમાંગ જોશી સૌથી યુવા છે. આગામી વર્ષે ચૂંટણીવાળા ઉત્તર પ્રદેશમાંથી 8, ઉત્તરાખંડમાંથી 4, ગુજરાતમાંથી 4 અને પંજાબમાંથી 2, એટલે કે કુલ 18 ચહેરા નવી ટીમમાં સામેલ છે. નવી ટીમમાં 14 જૂના ચહેરાઓને ફરીથી સ્થાન મળ્યું છે, જ્યારે 51 નવા ચહેરાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. એટલે કે 65 સભ્યોની ટીમમાં લગભગ 78.5% નવા ચહેરાઓ છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે સંગઠનમાં મોટા પાયે ફેરફાર




કરવામાં આવ્યો છે, જોકે કેટલાક અનુભવી નેતાઓને પણ જાળવી રાખવામાં આવ્યા છે. અગાઉની ટીમના 29 ચહેરાઓને નવી રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મળ્યું નથી. આમાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, મહાસચિવ, સચિવ અને કોષાધ્યક્ષ જેવા મુખ્ય સંગઠનાત્મક પદો પર રહેલા નેતાઓનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત મોરચા, કાર્યાલય અને મીડિયા સાથે સંકળાયેલા કેટલાક જૂના પદાધિકારીઓને પણ નવી ટીમમાં સ્થાન આપવામાં આવ્યું નથી.

ભાજપની નવી 65 સભ્યોની ટીમમાં સૌથી વૃદ્ધ ચહેરો વસુંધરા રાજે છે, જેમની ઉંમર 17 ઓગસ્ટ 2026ના રોજ 73 વર્ષ છે. જ્યારે સૌથી યુવા ચહેરો ગુજરાતના વડોદરાના MP ડો. હેમાંગ જોશી છે, જેમની ઉંમર 35 વર્ષ છે. એટલે કે નવી ટીમમાં સૌથી વધુ ઉંમર અને સૌથી ઓછી ઉંમરના ચહેરાઓ વચ્ચે 38 વર્ષનો તફાવત છે. જોકે, તમામ 65 નેતાઓની ઉંમરની સંપૂર્ણ વિગતો હજુ સામે આવી નથી.

## નિયમ ન માને તો એરલાઇન્સની ઉડાન રોકો! તહેવારોમાં વિમાન ભાડામાં લૂંટ મુદ્દે સુપ્રીમ કોર્ટ લાલઘૂમ



નવી દિલ્હી

તહેવારો અને રજાઓ દરમિયાન હવાઈ ટિકિટના ભાડામાં અચાનક થતા આડેધડ વધારા અંગે સુપ્રીમ કોર્ટે સોમવારે કડક વલણ અપનાવતા કહ્યું છે કે, જો એરલાઈન્સ નિયમોનું પાલન ન કરતી હોય તો તેમની ઉડાનો જ રોકી દેવી જોઈએ. તહેવારોના સમયે હવાઈ ભાડા વધારવા સામે દાખલ કરવામાં આવેલી અરજી પર જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની ખંડપીઠે અવલોકન કર્યું હતું કે, મુસાફરોના હિતમાં જે વ્યવસ્થાઓ બનાવવામાં આવી છે, તેના પાલન અને નિયમન અંગે હાલ ચિત્ર સ્પષ્ટ નથી. અને તેને પૂર્ણ થવામાં 3 અઠવાડિયાનો સમય લાગશે. સુપ્રીમ કોર્ટે 3 અઠવાડિયાનો સમય આપતા આ મામલે આગામી સુનાવણી 7 સપ્ટેમ્બર 2026ના રોજ નક્કી કરી છે.

## 'જૂના વાહનો માટે E10 પેટ્રોલ પાછું લાવો...', સરકારના આર્થિક સલાહકારે જ આપી સલાહ



નવી દિલ્હી

E20(20% ઈથેનોલ મિશ્રિત) પેટ્રોલને લઈને દેશભરમાં ઘમાસાણ મચ્યું છે. રસ્તાથી લઈને સંસદ અને સોશિયલ મીડિયા સુધી દરેક જગ્યાએ એ વાતની ચર્ચા થઈ રહી છે કે, આ ફ્યુઅલના કારણે વાહનોનું માઈલેજ ઘટી રહ્યું છે અને એન્જિનના સ્પેરપાર્ટ્સ કે કમ્પોનન્ટ્સ ખરાબ થઈ રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે મોટી સંખ્યામાં વાહનચાલકો E5 અને E10 જેવા લો-ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલના વિકલ્પો ઉપલબ્ધ કરાવવાની માગ કરી રહ્યા છે. આ વચ્ચે પ્રથમ વખત સરકારમાં રહેલી કોઈ જવાબદાર વ્યક્તિએ E10 ફ્યુઅલની વાપસીની વાત કરી છે. E20 પેટ્રોલને લઈને હવે સવાલ માત્ર એ નથી રહ્યો કે, તમારી ગાડીનું એન્જિન ચાલશે કે નહીં, પરંતુ સવાલ એ છે કે પેટ્રોલ બચાવવાની આ ઝુંબેશમાં ક્યાંક દેશની ખેતી, પાણી અને ખાદ્ય સુરક્ષાનું ગણિત તો નથી બગડી રહ્યું ને! આ સવાલને એટલા માટે પણ હળવાશથી લઈ શકાય તેમ નથી, કારણ કે આ મુદ્દો કોઈ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર કે ટિકાકારે નહીં, પરંતુ ખુદ ભારત સરકારના મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વર(V Anantha Nageswaran)ને ઉઠાવ્યો છે. નાગેશ્વરને પોતાના એક લેખમાં E20થી આગળ E27 કે E30 તરફ કદમ વધારતા પહેલા 'ફૂડ-વર્સિસ-ફ્યુઅલ ટ્રેડ ઑફ' એટલે કે ખાદ્ય સુરક્ષા અને બળતણ વચ્ચેની સ્પર્ધાનો સંપૂર્ણ હિસાબ માંડવાની સ્પષ્ટ જરૂરિયાત દર્શાવી છે. અત્યાર સુધી E20ને પેટ્રોલના શ્રેષ્ઠ વિકલ્પ, ક્રૂડ ઓઈલની આયાત ઘટાડવાના હથિયાર અને પર્યાવરણીય ફાયદાના સફળ મોડલ તરીકે જોવામાં આવતું હતું.

## NEWS TRACK

### યુએસ વિઝા નિયમમાં મોટો ફેરફાર: હવે તમામ વયના બાળકોએ ઇન્ટરવ્યૂમાં હાજર રહેવું ફરજિયાત

જો તમે તમારા પરિવાર સાથે અમેરિકા જવાનું સપનું જોઈ રહ્યા છો અને બાળકોના વિઝાની અરજી કરવાની તૈયારી કરી રહ્યા છો, તો આ મહત્ત્વપૂર્ણ અપડેટ તમારા માટે છે. સામાન્ય રીતે ઘણા વાલીઓ એવું માનતા હોય છે કે નાના બાળકો કે શિશુઓને વિઝા ઈન્ટરવ્યૂમાં લઈ જવાની જરૂર હોતી નથી, પરંતુ યુએસ એમ્બેસીએ આ માન્યતા અંગે અત્યંત મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે. હવે ઉંમર ભલે ગમે તે હોય, દરેક સગીર અરજદારે ઈન્ટરવ્યૂમાં રૂબરૂ હાજર રહેવું અનિવાર્ય રહેશે. યુએસ એમ્બેસીની સ્પષ્ટતા: શું છે નવો નિયમ? ભારત ખાતેની યુએસ એમ્બેસીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોતાના 'વિઝા ફ્રાઈડે' (Visa Friday) વીડિયો સેશન દ્વારા આ અંગે સ્પષ્ટ નિર્દેશ જાહેર કર્યો છે. નવજાત શિશુથી લઈને 17 વર્ષની વય સુધીના તમામ સગીર (Minor) અરજદારોએ કોન્સ્યુલર ઈન્ટરવ્યૂ માટે રૂબરૂ હાજર રહેવું પડશે. માતા-પિતા કે વાલી પોતાના બાળક વતી એકલા એપોઈન્ટમેન્ટમાં હાજર રહી શકશે નહીં.

### વારંવાર બંધ થતાં હોર્મુઝથી કંટાળી નવો રસ્તો શોધાયો! ભારત પણ જહાજો મોકલવાની તૈયારીમાં

લાલ સાગર, સુએઝ નહેર અને બીજા સમુદ્રી રસ્તા પર વધતા તણાવ અને યુદ્ધે વૈશ્વિક વેપારને સમુદ્રી માર્ગોની સુરક્ષા પ્રત્યે ઍલર્ટ કરી દીધું છે. હવે એ સમજાઈ ગયું છે કે, હોર્મુઝના ખુલવા સુધી હાથ પર હાથ ધરીને બેસી ન શકાય. કોઈ એક રસ્તો બંધ થવાથી જહાજોએ લાંબો રસ્તો અપનાવવો પડે છે, જેના કારણે સમય અને પરિવહન ખર્ચ બંને વધી જાય છે. આ જ જોખમને ધ્યાનમાં રાખીને ચીન યુરોપ સુધી પહોંચવા માટે આર્કટિક સમુદ્રી માર્ગનો ઉપયોગ વધારવાની તૈયારીમાં છે. 20 દિવસમાં ચીનથી યુરોપની યાત્રા આ માર્ગથી ચીનથી યુરોપની યાત્રા લગભગ 20 દિવસમાં પૂરી થઈ શકે છે. હાલમાં ચીનથી યુરોપ જતાં મોટા કન્ટેનર જહાજો હિંદ મહાસાગર, અરબી સાગર, લાલ સમુદ્ર અને સુએઝ નહેર થઈને ભૂમધ્ય સમુદ્ર થઈને યુરોપ પહોંચે છે. આર્કટિક રૂટ પર જહાજો ઉત્તર ચીનથી રવાના થશે, રશિયાના સાઈબેરીયન કિનારા પરથી આર્કટિક મહાસાગરમાં જશે અને ત્યાંથી યુરોપ તરફ આગળ વધશે.

# માધુપુરામાં ખાખીના છત્રછાયા હેઠળ 'દારૂ-જુગાર અને ડ્રગ્સ'નું સામ્રાજ્ય: વહીવટદારોના જોરે કાયદો-વ્યવસ્થાના ધજાગરા

## ઝેરી રસાયણોથી બનેલા કેમિકલયુક્ત દારૂનું બેફામ વેચાણ: માધુપુરામાં બીજા 'લઠ્ઠાકાંડ'ની ભીતિ!

અમદાવાદ

માધુપુરા પોલીસ સ્ટેશન વિસ્તાર હાલ ગુનાખોરી અને ગેરકાયદે પ્રવૃત્તિઓનું હબ બની ચૂક્યો છે. કાયદાનું પાલન કરાવવાની જેમના શિરે જવાબદારી છે, તે જ પોલીસ પ્રજા માટે ભક્ષક બની હોવાના ગંભીર આરોપો સામે આવ્યા છે. પોલીસ ઈન્સપેક્ટર (PI) ઝેડ. એન. ઘાસુરા અને તેમના કથિત 'કમાઉ દીકરા' સમાન વહીવટદાર સુરેશ ચૌધરી તેમજ ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા પેટા વહીવટદાર વેલજીભાઈની મિલીભગતથી સમગ્ર વિસ્તારમાં દેશી-વિદેશી દારૂ, જુગાર અને MD ડ્રગ્સનો કારોબાર બેફામ ચાલી રહ્યો છે.

### માધુપુરામાં ક્યાં-ક્યાં ચાલે છે ગેરકાયદે અડ્ડા?

શેનાઝનો દેશી દારૂ: ધોબીઘાટ, દૂધેશ્વર

મણિયાનો દેશી દારૂ: માધુપુરા

જયેશનો દેશી દારૂ: શાક માર્કેટ

ગળિયાનો દેશી દારૂ: મારુતિ શોરૂમ પાસે, બગીચામાં

ભાવિનનો દારૂ: દેશી તેમજ વિદેશી (ઈંગ્લિશ) દારૂનો અડ્ડો

હંસાનો દેશી દારૂ: ઈદગાહ

નાગજી કલોલવાળો: કેમિકલવાળા દેશી દારૂનો જથ્થો સમગ્ર માધુપુરામાં હોલસેલમાં સપ્લાય કરવાનો આરોપ

### હપ્તાખોરી અને ખુલ્લી ચેલેન્જ

બુટલેગરોના જણાવ્યા અનુસાર, વહીવટદાર સુરેશ ચૌધરી દેશી દારૂના પ્રત્યેક કેન દીઠ નિશ્ચિત કમિશન ઉઘરાવે છે. અન્ય ખાતામાં ફરજ બજાવતા હોવા છતાં સુરેશ ચૌધરી અને ક્રાઈમ બ્રાન્ચના વેલજીભાઈ માધુપુરા પોલીસ સ્ટેશનનો કરોડો રૂપિયાનો વહીવટ સંભાળી રહ્યા છે. આ કથિત વહીવટદારો અમદાવાદ પોલીસ કમિશનર, PCB અને DCPના આદેશોને ખુલ્લી ચેલેન્જ ફેંકી રહ્યા હોય તેમ અડ્ડાઓ ધમધમી રહ્યા છે.

### પ્રજા ત્રાહિમામ: મહિલાઓની સુરક્ષા પર પ્રશ્નાર્થ

વિસ્તારમાં ખુલ્લેઆમ વેચાતા MD ડ્રગ્સ અને દારૂના કારણે ગુનાખોરીનો ગ્રાફ ચિંતાજનક રીતે વધી ગયો છે. રસ્તાઓ પર દારૂડિયાઓ અને અસામાજિક તત્વો બેફામ બન્યા છે, જેના કારણે પસાર થતી મહિલાઓ અને બહેન-દીકરીઓની છેડતીના બનાવો દૈનિક બની ગયા છે. આ ઉપરાંત, ત્રણ પત્તીનો જુગાર અને ક્રિકેટ સટ્ટાના બુકીઓ કોઈ પણ જાતના ડર વગર પોતાનો કાળો કારોબાર ચલાવી રહ્યા છે.

### ઉચ્ચ કક્ષાએ તપાસની માગ

સ્થાનિક રહાશો અને પીડિત નાગરિકો માંગ કરી રહ્યા છે કે:

૧. કથિત વહીવટદાર સુરેશ ચૌધરીની સીડીઆર (Call Detail Record) અને મિલકતોની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે.

૨. સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા માધુપુરાના તમામ અડ્ડાઓ પર તાત્કાલિક દરોડા પાડવામાં આવે.

૩. રાજ્યના મુખ્યમંત્રી અને ગૃહમંત્રી આ બાબતે ગંભીર નોંધ લઈ PI ઝેડ. એન. ઘાસુરા અને સંલગ્ન કર્મચારીઓ સામે કડક પગલાં ભરે.

### ઝેરી રસાયણોથી બનેલા કેમિકલયુક્ત દારૂનું બેફામ વેચાણ: માધુપુરામાં બીજા 'લઠ્ઠાકાંડ'ની ભીતિ!

જો કાલ ઉઠીને માધુપુરામાં કોઈ હોનારત સર્જાશે કે નિર્દોષોના બલિદાન લેવાશે, તો તેની સીધી જવાબદારી કોની?

ખાખીના ઓથાર હેઠળ કાળો કારોબાર: હપ્તાખોરીમાં અંધ થયેલું તંત્ર

કેમિકલવાળો ઝેરી દારૂ અને મોતનો સામાન: નાગજી કલોલવાળો સમગ્ર માધુપુરામાં જે કેમિકલયુક્ત દેશી દારૂ સપ્લાય કરી રહ્યો છે, તે ગમે ત્યારે મોટા લઠ્ઠાકાંડમાં પરિણમી શકે છે. કમાણીની લાલચમાં લોકોના જીવ સાથે ખુલ્લેઆમ ખેલ ખેલાઈ રહ્યો છે.

જવાબદારીમાંથી છટકવાનો ખેલ: જો કાલ ઉઠીને કોઈ અનિચ્છનીય ઘટના ઘટે અથવા ઝેરી દારૂ પીવાથી લોકોના મોત થાય, તો તેની જવાબદારી PI ઝેડ. એન. ઘાસુરા, વહીવટદાર સુરેશ ચૌધરી કે પછી ઉચ્ચ પોલીસ અધિકારીઓ લેશે?

કરોડોનો વહીવટ અને નિષ્ક્રિયતા: દારૂના પ્રત્યેક કેન પર કમિશન બાંધીને લાખો રૂપિયાનો વહીવટ ખિસ્સામાં સરકાવતા કથિત વહીવટદારો અને પોલીસની છત્રછાયાના કારણે આ ખાખી વર્દી પર કાળો દાગ લાગ્યો છે.

મહિલાઓની સુરક્ષા અને ભયનું વાતાવરણ: દારૂડિયાઓ અને અસામાજિક તત્વોના ત્રાસથી સ્થાનિક રહીશો અને મહિલાઓ ઘરની બહાર નીકળતા પણ ડરી રહ્યા છે. પ્રજાના રક્ષકો જ બુટલેગરોના રક્ષક બની બેઠા છે.

### તંત્ર સમક્ષ ઉઠતા સીધા સવાલો

૧. શું રાજ્યના ગૃહમંત્રી અને પોલીસ કમિશનર માધુપુરામાં કોઈ મોટા લઠ્ઠાકાંડની રાહ જોઈ રહ્યા છે?

૨. ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા વેલજીભાઈ અને સુરેશ ચૌધરી જેવા વહીવટદારો સામે તાત્કાલિક કડક પગલાં કેમ લેવાતા નથી?

૩. સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) કેમ આ અડ્ડાઓ પર દરોડા પાડીને PI અને બુટલેગરોની સાંઠગાંઠનો પર્દાફાશ નથી કરતી?

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## ડભોઇ-કાયાવરોહણ રોડ પર પૂરપાટ ડમ્પરે ગાય અને બે વાછરડાંને કચડ્યા

ડભોઇ

ડભોઈ તાલુકાના કાયાવરોહણ માર્ગ પર આવેલ પારીખા ગામના બસ સ્ટેન્ડ નજીક આજે વહેલી સવારે એક અત્યંત દર્દનાક અને કાળજું કંપાવી દેતી ઘટના સામે આવી છે. માર્ગની સાઈડ પર શાંતિથી બેઠેલા અબોલ ગૌવંશ પર રેતી ભરેલા બેફામ ડમ્પરે કાળ બનીને મોતનું તાંડવ ખેલ્યું હતું.

ડમ્પરના કિલર ટાયરો તળે કચડાઈ જતાં એક ગાય અને બે નિર્દોષ વાછરડાંના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતાં. પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારે જ બનેલી આ હૃદયદ્રાવક ઘટનાના સમાચાર વાયુવેગે પ્રસરતાં સમગ્ર પંથકના ગૌપ્રેમીઓ, સ્થાનિકો અને ગ્રામજનોમાં ભારે આક્રોશ અને ગમગીની વ્યાપી ગઈ છે.

મળતી વિગતો અનુસાર, વહેલી સવારે જ્યારે પારીખા ગામના બસ સ્ટેશન પાસે રસ્તાની એક તરફ અબોલ પશુઓ બેઠા હતા, ત્યારે કાયાવરોહણ તરફથી પૂરપાટ ઝડપે અને બેફામ રીતે આવી રહેલા એક અજાણ્યા ડમ્પરે પશુઓ પર વાહન ચઢાવી દીધું હતું. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કર વાગતાંની સાથે જ ત્રણેય પશુઓ લોહીલુહાણ થઈને રસ્તા પર ઢળી પડ્યા હતા અને સ્થળ પર જ તેમણે દમ તોડી દીધો હતો. ઘટનાને અંજામ આપ્યા બાદ નિર્દયી ડમ્પરચાલક પોતાનું વાહન લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

## વડોદરામાં અસલી કિન્નરે નકલી કિન્નરનો ખેલ પાડી દીધો: આજવા ચોકડી પાસે ઉઘરાણું કરતા યુવકને અંજુ માસીએ રસ્તા વચ્ચે ધોઈ નાખ્યો!

વડોદરા

વડોદરાના વ્યસ્ત એવા આજવા ચોકડી વિસ્તારમાં આજે એક હાઈવોલ્ટેજ ડ્રામા અને ચકચાર મચાવતી ઘટના સામે આવી છે. કિન્નરનો વેશ ધારણ કરી નિર્દોષ વાહનચાલકો અને વેપારીઓ પાસેથી પૈસા ઉઘરાવતા એક નકલી કિન્નર યુવકને અસલી કિન્નરે જાહેરમાં ઝડપી પાડીને બરાબરનો પાઠ ભણાવ્યો હતો. કિન્નર સમાજના અગ્રણી અંજુ માસીએ સ્થળ પર પહોંચીને આ નકલી કિન્નરને રસ્તા વચ્ચે ઠમઠોર્યો હતો અને લોકો પાસે મંગાવેલી તમામ રકમ પરત અપાવીને કાનપટ્ટી પકડી માફી મંગાવી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, આજવા ચોકડી પાસે એક યુવક સાડી પહેરી, મોં પર મેકઅપ કરી અને કિન્નરનો વેશ ધારણ કરીને રસ્તા પરથી પસાર થતા લોકોને રોકીને બેફામ પૈસા ઉઘરાવી રહ્યો હતો. આ યુવકની બોલી અને ચાલઢાલ પર આસપાસના લોકોને શંકા જતાં તેમણે હોબાળો મચાવ્યો હતો. સ્થાનિકોને ખાતરી થઈ ગઈ હતી કે આ અસલી કિન્નર નથી પરંતુ કિન્નરના નામે લોકોને લૂંટતો નકલી ભિખારી છે. જેથી રોષે ભરાયેલા લોકોએ તાત્કાલિક સ્થાનિક અસલી કિન્નર અગ્રણી અંજુ માસીને આ અંગે જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ અંજુ માસી પોતાના સાગરીતો સાથે ત્વરિત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોતાની ઓળખ અને સમાજને બદનામ કરતા નકલી કિન્નરને જોઈને અંજુ માસીનો પિત્તો ગયો હતો. તેમણે જાહેરમાં જ આ યુવકને પકડીને હાથ ચાલાકી બતાવી બરાબરનો ધોઈ નાખ્યો હતો. અંજુ માસીએ નકલી કિન્નર બનેલા યુવક પાસે જાહેરમાં હાથ જોડાવીને લોકોની માફી મંગાવી હતી. આટલું જ નહીં, તેણે લોકો પાસેથી જે જે પૈસા બળજબરીથી ઉઘરાવ્યા હતા, તે તમામ રૂપિયા સ્થળ પર જ લોકોને પરત પણ અપાવ્યા હતા.

## ગુજરાત કોલેજ AMTS બસ સ્ટેન્ડ પાસે સામાજિક પ્રસંગમાં આવેલા પરિવારની કારનો કાચ તોડી 1.90 લાખની ચોરી

અમદાવાદ

અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારમાં ગુજરાત કોલેજ રોડ પર ચોરીની ઘટના બની છે. ન્યૂ રાણીપના શાલીન પટેલ મિત્રના સીમંત પ્રસંગે કાર પાર્ક કરીને ગયા હતા. તસ્કરોએ કારનો કાચ તોડી લેપટોપ અને 1.50 લાખ રોકડ સહિત કુલ 1.90 લાખની મત્તાની ચોરી કરી. પોલીસે ગુનો નોંધી CCTV ફૂટેજ આધારે તપાસ શરૂ કરી છે.

એલિસબ્રિજ વિસ્તારમાં આવેલી ગુજરાત કોલેજ રોડ પર ચોરીની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. મિત્રના પરિવારના સીમંત પ્રસંગમાં હાજરી આપવા આવેલા ન્યૂ રાણીપના યુવકની પાર્ક કરેલી કારના પાછળના દરવાજાનો કાચ તોડી અજાણ્યા તસ્કરો લેપટોપ અને 1.50 લાખ રૂપિયાની રોકડ રકમ ભરેલી બેગ સહિત કુલ 1.90 લાખ રૂપિયાના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા છે. આ અંગે એલિસબ્રિજ/નવરંગપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી અનુસાર, ન્યૂ રાણીપ વિસ્તારમાં રહેતા 33 વર્ષીય શાલીન પટેલ એક ખાનગી કંપનીમાં પ્રોજેક્ટ મેનેજર તરીકે ફરજ બજાવે છે. તે પોતાના પરિવાર સાથે ગુજરાત કોલેજ પાસે આવેલ 'રીયો બેન્ક્વેટ હોલ' ખાતે મિત્રની પત્નીના સીમંત પ્રસંગમાં હાજરી આપવા આવ્યા હતા. તેણે પોતાની કાર ગુજરાત કોલેજ AMTS બસ સ્ટોપ સામે આવેલા સર્વિસ રોડ પર ઈલેક્ટ્રિક પોલ પાસે પાર્ક કરી હતી.

## કપડવંજમાં એસટી બસ સ્ટેન્ડ સામે મુખ્ય માર્ગ પર ખાડાઓનું સામ્રાજ્ય

નડિયાદ

કપડવંજ શહેરના મુખ્ય માર્ગ એવા એસટી સ્ટેન્ડ સામે લાંબા સમયથી પડેલા ખાડાઓના કારણે વાહનચાલકો તેમજ રાહદારીઓ પરેશાન બન્યા છે. હાલ વરસાદી માહોલ વચ્ચે ખાડાઓમાં પાણી ભરાઈ જતાં રસ્તાની વાસ્તવિક ઊંડાઈનો અંદાજ ન આવતો હોવાથી સ્કૂટર, બાઈક સહિતના નાના વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ વધ્યું છે. કપડવંજ એસટી સ્ટેન્ડ શહેરનો મહત્વનો અને સતત વાહનવ્યવહાર ધરાવતો વિસ્તાર છે. અહીંથી અસંખ્ય એસટી બસો પસાર થાય છે, જ્યારે તાલુકાના વિવિધ ગામોમાંથી લોકો પોતાના વાહનો, બાઈક-સ્કૂટર તેમજ જાહેર પરિવહન મારફતે શહેરમાં અવરજવર કરે છે. આવા વ્યસ્ત માર્ગ પર છેલ્લાં ઘણાં સમયથી મસમોટા ખાડાઓનું સામ્રાજ્ય છવાયું છે. તેમછતાં તંત્ર દ્વારા આ બિસ્માર બનેલાં રસ્તાનું સમારકામ કરવામાં ન આવતાં લોકોમાં નારાજગી જોવા મળી રહી છે.

### સ્વચ્છતા અભિયાનના ધજાગરા

# ગણપતપુરા ગામની વચ્ચે કચરાનો પહાડ, કચરાપેટી બન્યા પછી આજદિન સુધી સાફ જ નથી થઈ!!!

### દુર્ગંધ અને મચ્છરોના અડ્ડાથી ગ્રામજનોનું જીવવું હરામ: તંત્રનો મોટો સવાલ– કચરાપેટી સ્વચ્છતા માટે બનાવી છે કે રોગચાળો ફેલાવવા?

કરજણ (વડોદરા)

વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં આવેલા ગણપતપુરા ગામમાંથી સરકારી યોજનાઓ અને સ્વચ્છ ભારત મિશનની પોલ ખોલતો એક શરમજનક કિસ્સો સામે આવ્યો છે. ગામના મુખ્ય ચોક અને વચ્ચે જ બનાવવામાં આવેલી મોટી કચરાપેટી હાલમાં ગંદકી અને દુર્ગંધની ફેક્ટરી બની ચૂકી છે. સ્થાનિક રહીશોનો ગંભીર આક્ષેપ છે કે આ કચરાપેટી જ્યારે બનાવવામાં આવી ત્યારથી લઈને આજદિન સુધી તંત્ર દ્વારા એક પણ વાર તેની સફાઈ કરવામાં આવી નથી!

**સ્વચ્છતાના નામે શૂન્ય અને રોગચાળાનું તાંડવ**

ગામની વચ્ચે આવેલી આ કચરાપેટીમાં મહિનાઓથી એકઠો થયેલો કચરો હવે સડી રહ્યો છે. પ્લાસ્ટિક, એંઠવાડ અને ગંદકીના કારણે આસપાસના વિસ્તારમાં એવી ભયાનક દુર્ગંધ ફેલાઈ રહી છે કે લોકોનું પોતાના ઘરમાં રહેવું અને શ્વાસ લેવું પણ મુશ્કેલ બની ગયું છે. ચોમાસા અને ગરમીની ઋતુમાં સડેલા કચરા પર મચ્છરો, માખીઓ અને રખડતા પશુઓનો જમાવડો રહે છે. જેને કારણે સમગ્ર ગામમાં ડેંગ્યુ, મલેરિયા અને ઉલટી-ઉબકા જેવા રોગચાળાનો ભય તોળાઈ રહ્યો છે.

**તંત્ર પર ઉઠતા તીખા સવાલો**

સરકાર લાખો-કરોડો રૂપિયા સ્વચ્છતા પાછળ ખર્ચી રહી છે, પરંતુ ગણપતપુરામાં વાસ્તવિકતા સાવ ઉલટી છે. સ્થાનિકો રોષભેર સવાલ પૂછી રહ્યા છે:

શાસકો અને ગ્રામ પંચાયતે આ કચરાપેટી ગામમાં સ્વચ્છતા જાળવવા બનાવી છે કે પછી માત્ર કચરો એકઠો કરી રોગચાળો ફેલાવવા?

કચરાપેટી બનાવીને ભૂલી જતાં જવાબદાર અધિકારીઓ અને સફાઈ કોન્ટ્રાક્ટરો સામે પગલાં ક્યારે લેવાશે?

શું કોઈ મોટો રોગચાળો ફાટી નીકળશે કે કોઈનો જીવ જશે ત્યારબાદ જ તંત્ર ઊંઘમાંથી જાગશે?

**તાત્કાલિક સફાઈની આક્રોશપૂર્ણ માગ**

ગણપતપુરાના ગ્રામજનો અને આસપાસના રહીશોની એક જ માગ છે કે તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત અને જવાબદાર તંત્ર તાત્કાલિક ધોરણે જેસીબી કે ટ્રેક્ટર મૂકી આ સડેલા કચરાનો નિકાલ કરે. આ સાથે જ દર અઠવાડિયે કચરાપેટીની નિયમિત સફાઈ થાય તેવી કાયમી વ્યવસ્થા કરવામાં આવે. જો તંત્ર દ્વારા વહેલી તકે સફાઈ ઝુંબેશ શરૂ કરવામાં નહીં આવે તો ગ્રામજનો ભેગા થઈને પંચાયત કચેરી સામે હલ્લાબોલ અને વિરોધ પ્રદર્શન કરવા મજબૂર બનશે.



### રાકેશ ભરવાડના સિક્રેટ રૂમમાં ધમધમતા જુગારધામ પર દરોડો

## 1 કરોડથી વધુના મુદ્દામાલ સાથે 11 બિલ્ડરો-જમીન દલાલોની ધરપકડ

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના રણાસણ ગામ નજીક નેશનલ હાઈવે 48 પાસે આવેલી એક લેબર કોલોનીમાં ચાલતા હાઈપ્રોફાઈલ જુગારધામ પર ડભોડા પોલીસે દરોડો પાડી સપાટો બોલાવ્યો છે. પોલીસે સ્થળ પરથી 11 હાઈપ્રોફાઈલ જુગારીને ઝડપી પાડી રૂ.6.69 લાખની રોકડ, મોંઘાદાટ મોબાઈલ અને ફોર વ્હીલ વાહનો મળીને કુલ રૂ.1.04 કરોડથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ અંગે પીઆઈ ચૌહાણે કહ્યું કે, આ જુગારીઓ કન્સ્ટ્રક્શન અને જમીન દલાલીના ધંધા સાથે જોડાયેલા છે, જેમને રાકેશ ભરવાડે જુગાર રમવા માટેની સુવિધાઓ ઉભી કરી આપી હતી. અમદાવાદના નાના ચિલોડા ખાતે રહેતા રાકેશ ભરવાડ નામના ઈસમે પોલીસથી બચવા રણાસણની લેબર કોલોનીના પ્રથમ માળે એક મોટા રૂમમાં પંખા, સોફા અને ડબલ બેડ સહિતની તમામ સુવિધાઓ ઉભી કરી જુગારધામ શરૂ કર્યું હતું. જ્યાં અમદાવાદ અને ગાંધીનગરના બિલ્ડરો તથા જમીન દલાલો આરામથી લાખોની હારજીતનો ખેલ રમતા હતા. જોકે, આ શાતિર પ્લાન પર ડભોડા પોલીસ મથકની ટીમે પાણી ફેરવી દીધું છે. પોલીસને બાતમી મળી હતી કે, રણાસણની લેબર કોલોનીના સર્વે નંબર 147માં આવેલ રૂમમાં બહારથી માણસો ભેગા કરીને મોટો જુગાર રમાડવામાં આવી રહ્યો છે. પોલીસ ટીમ જ્યારે લેબર કોલોનીના પ્રથમ માળે પહોંચી ત્યારે દરવાજો રાકેશ ભરવાડે જ ખોલ્યો હતો. પોલીસે રૂમમાં પ્રવેશતાં જ અંદરનું દૃશ્ય જોઈને સ્તબ્ધ થઈ ગઈ હતી. રૂમના ડબલ બેડ અને સોફા પર અમદાવાદ અને ગાંધીનગરના 11 જેટલા જુગારીઓ કુંડાળું વળીને બેઠા હતા અને પાના-પત્તાથી જુગાર રમી રહ્યા હતા. અચાનક પોલીસની રેડ પડતાં જ તમામ જુગારીઓના હોશ ઊડી ગયા હતા અને નાસભાગ મચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે આખા રૂમ અને પરિસરને ઘેરી લીધું હોવાથી તમામ 11 જુગારી ઘટનાસ્થળે જ પકડાઈ ગયા હતા.




### વડોદરામાં કાયસ્થ સમાજ દ્વારા

## 80 વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોનો ભવ્ય સન્માન સમારોહ યોજવામાં આવ્યો

વડોદરા

૮૦મા સ્વતંત્રતા દિવસની વિશિષ્ટ ઉજવણીના ભાગરૂપે કાયસ્થ સમાજ વડોદરા દ્વારા વરિષ્ઠ કાયસ્થ નાગરિકો માટે એક ગૌરવપૂર્ણ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરની હોટેલ 'રિજેન્ટા ઈન' ખાતે યોજાયેલા આ કાર્યક્રમની માહિતી વડોદરા સિનિયર સિટીઝન ગ્રુપના સદસ્ય ઘનશ્યામભાઈ રાવ દ્વારા આપવામાં આવી હતી.

આ સમારોહમાં ૮૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા વરિષ્ઠ નાગરિકોનું સામાજિક યોગદાન બિરદાવીને તેઓનું બહુમાન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ડૉક્ટર અનુપ કુમાર શ્રીવાસ્તવ તેમજ અતિથિ વિશેષ તરીકે વડોદરાના પૂર્વ ધારાસભ્ય માનનીય શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ અને મહાનગરપાલિકાના નેતા શ્રી ચંદ્રકાન્તભાઈ શ્રીવાસ્તવ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.




કાર્યક્રમના પ્રારંભે કાયસ્થ સમાજના રાષ્ટ્રીય મહાસચિવ તથા પ્રદેશ અધ્યક્ષ શ્રી કૃષ્ણકુમાર શ્રીવાસ્તવ, વિજયભાઈ સક્સેના અને મોહનભાઈ શ્રીવાસ્તવ દ્વારા અતિથિગણને શાલ ઓઢાડી તથા પુષ્પહાર અર્પણ કરી ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

પ્રાર્થના અને દીપ પ્રાગટ્ય સાથે કાર્યક્રમનો શુભારંભ થયો હતો. ત્યારબાદ ઉપસ્થિત અતિથિઓના વરદહસ્તે સમાજના ૮૦ વર્ષથી વધુ વયના તમામ વરિષ્ઠ નાગરિકોને શાલ અને પુષ્પગુચ્છ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

પ્રાસંગિક પ્રવચન આપતા વરિષ્ઠ સદસ્ય શ્રી અનિલભાઈ શ્રીવાસ્તવે દેશની પરાધીનતાના સમયથી લઈને આઝાદી પછીના જીવનના પોતાના અનુભવો રજૂ કર્યા હતા. તેમણે ઉપસ્થિત યુવા પેઢીને પ્રેરણા આપતા જણાવ્યું હતું કે, દરેક પરિવારે પોતાના વરિષ્ઠ માતા-પિતા અને દાદા-દાદી પ્રત્યે સ્નેહ અને આદરભાવ રાખવો જોઈએ તેમજ સામાજિક અને ધાર્મિક કાર્યોમાં હંમેશા તેમના માર્ગદર્શન અને સલાહ લેવી જોઈએ. આયોજક અતુલભાઈ શ્રીવાસ્તવ અને તેમની ટીમ તેમજ મહિલા શક્તિના રીનાબેન શ્રીવાસ્તવ અને તેમના સાથીદારોના માર્ગદર્શન હેઠળ મનોરંજક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.

### માણસામાં મહિલા જજના ડ્રાઇવરના પિતાને

## ખાખીનો રૌફ બતાવવો ASIને ભારે પડ્યો

ગાંધીનગર

ખાખીના નશામાં નિર્દોષ શ્રમજીવીઓ પર સત્તાનો દુરુપયોગ કરનારા પોલીસકર્મીઓ સામે ગાંધીનગર જિલ્લા પોલીસ વડાએ દાખલારૂપ અને કડક કાર્યવાહી હાથ ધરી છે. ૧૫મી ઓગસ્ટે માણસામાં ચાની કિટલી ચલાવતા વયોવૃદ્ધ શ્રમજીવીને વિના વાંકે જાહેરમાં માર મારી, ગોળી મારી દેવાની ધમકી આપી લોકઅપમાં પૂરી દેવાની જીદ પકડનાર ASI દિનેશ ચૌધરીને એસપીએ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધો છે. સીસીટીવી ફૂટેજના આધારે લેવાયેલા આ કડક પગલાથી સમગ્ર પોલીસ બેડામાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર 15મી ઓગસ્ટના રોજ માણસા શહેરમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. માણસા પોલીસ સ્ટેશનની બિલકુલ સામે ચાની કિટલી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા એક વયોવૃદ્ધ શ્રમજીવી પાસે માણસા પોલીસ મથકનો ASI દિનેશ ચૌધરી પહોંચ્યો હતો. કોઈપણ પ્રકારના વાંક-ગુના વગર ASI એ શ્રમજીવી સાથે અભદ્ર વર્તન કરી ખાખીનો રોફ જમાવ્યો હતો અને જાહેરમાં માર મારવાનું શરૂ કર્યું હતું. શ્રમજીવીને ગોળી મારી દેવાની ધમકી આપી, ઢસડીને સીધા માણસા પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા. ASI એ ફરજ પરના પોલીસ સ્ટેશન ઓફિસર (PSO) પાસે લોકઅપની ચાવી માંગી વૃદ્ધને જેલમાં ધકેલી દેવાની જીદ કરી હતી, પરંતુ નિર્દોષ હોવાથી PSO એ તેમને જેલમાં પૂરવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો.



અન્યાયનો ભોગ બનેલા વયોવૃદ્ધ શ્રમજીવીએ સમગ્ર આપવીતી પોતાના પુત્રને જણાવી હતી, જે એક મહિલા જજના પ્રાઈવેટ ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. આ ગંભીર બનાવની રજૂઆત સીધી જ ગાંધીનગર જિલ્લા પોલીસ વડા (SP) રવિ તેજા વાસમ શેટ્ટી સમક્ષ પહોંચી હતી. એસ.પી.એ મામલાની ગંભીરતા સમજીને તાત્કાલિક સ્થળ તપાસના આદેશ આપ્યા હતા અને ઘટનાસ્થળ તેમજ પોલીસ સ્ટેશનના CCTV ફૂટેજ મંગાવ્યા હતા.

### આચાર્ય સામે શંકાની સોય, પોલીસ તપાસ તેજ

## તોડફોડની મોટો ધડાકો! વસી પ્રાથમિક શાળામાં સરકારી મિલકતનો સોપો સાફ

બનાસકાંઠા (દાંતા)

શિક્ષણના ધામને રણમેદાન બનાવી દેતી એક ચકચારમચાવનાર ઘટના દાંતા તાલુકાના વસી પ્રાથમિક શાળામાંથી સામે આવી છે! અજાણ્યા તત્વોએ શાળાના એક-બે નહીં, પરંતુ આખેઆખા 6 થી 7 રૂમોમાં ઘૂસીને ભારે તોડફોડ મચાવી આતંક ફેલાવ્યો છે. શાળાના પંખા અને લાઈટો સહિતની સરકારી મિલકતોને બેફામ રીતે નુકસાન પહોંચાડી વેરવિખેર કરી દેવામાં આવી છે. સદનસીબે કોમ્પ્યુટર અને પ્રોજેક્ટર જેવા મોંઘા સાધનો ઉગરી ગયા છે અને સલામત છે, પરંતુ વર્ગખંડોમાં નાની-મોટી વસ્તુઓનો દટ્ટણ-પટ્ટણ જોઈને ગ્રામજનોમાં રોષનો જ્વાળામુખી ફાટી નીકળ્યો છે. આ સમગ્ર કૌભાંડ અને તોડફોડ પાછળ કોઈ બહારની ગેંગ છે કે પછી ઘરનો જ ભેદી? તે અંગે ગામલોકોએ સીધી શાળાના આચાર્યની ભૂમિકા સામે ગંભીર શંકાની સોય ચિંધી છે! ગ્રામજનોના જણાવ્યા મુજબ, આ આચાર્ય સામે અગાઉ પણ ઉચ્ચ કક્ષાએ અનેક ગંભીર ફરિયાદો કરવામાં આવી ચૂકી છે. આ ઘટના બાદ આક્રોશે ભરાયેલા ગ્રામજનોએ એકઠા થઈને તુરંત પોલીસ સ્ટેશને દોડી જઈ રજૂઆત કરી છે અને તટસ્થ તપાસની માંગ સાથે લેખિત ફરિયાદ નોંધાવી છે.

## એક તરફ દેશ પર 180 લાખ કરોડનું દેવું અને સરકારી શાળાઓને તાળાં, બીજી તરફ પક્ષીય ઈમારતો અને ફંડમાં કરોડોનો ઉછાળો

## પીએમ મોદીના 2500 કરોડથી વધુના વિદેશ પ્રવાસો અને હાઇવે પર ખાડારાજ વચ્ચે પ્રજા પર ટેક્સનો બોજ: રાજકીય પક્ષોના ભંડોળ અને આલીશાન કચેરીઓના ચકાચૌંધ સામે દેશનો સામાન્ય નાગરિક મજબૂર!

ગાંધીનગર

દેશ આજે એક વિચિત્ર અને ચિંતાજનક વિરોધાભાસમાંથી પસાર થઈ રહ્યો છે. એક તરફ કેન્દ્ર સરકારનું કુલ દેવું ૨૦૧૪ના ૫૮.૬ લાખ કરોડથી વધીને આજે આશરે ૧૮૦ લાખ કરોડ ની ઐતિહાસિક સપાટીએ પહોંચી ગયું છે, વડાપ્રધાનના વિદેશ પ્રવાસો પાછળ ૨,૫૦૦ કરોડથી વધુ નો સરકારી ધુમાડો થઈ ચૂક્યો છે, અને ગામડાઓમાં સરકારી શાળાઓ સુવિધાઓના અભાવે તાળાં મારવાની નોબત આવી છે. તો બીજી તરફ, શાસક પક્ષ RSS, BJP અને તેના સંગઠનોના ડોનેશન (ચંદા) તથા દેશના ખૂણે-ખૂણે બનેલી કોર્પોરેટ શૈલીની હાઈટેક ઓફિસોનો વિકાસ રોકેટ ગતિએ થઈ રહ્યો છે. આ પરિસ્થિતિને જોઈને સામાન્ય નાગરિક હવે ખુલ્લેઆમ સવાલ કરી રહ્યો છે કે–આખરે દેશમાં વિકાસ પ્રજાનો થઈ રહ્યો છે કે માત્ર રાજકીય સંગઠનોનો? સરકારી શાળાઓની દયનીય સ્થિતિ આજે કોઈથી છુપી નથી. એક તરફ શિક્ષકોની અછત, પીવાના પાણી અને શૌચાલયના અભાવે સરકારી શાળાઓ બંધ થઈ રહી છે અથવા મર્જ કરવામાં આવી રહી છે, તો બીજી તરફ દેશના દરેક જિલ્લામાં કરોડોના ખર્ચે ભાજપની મલ્ટી-સ્ટોરી, વાતાનુકૂળ અને લક્ઝુરીયસ કચેરીઓ રાતોરાત ઊભી થઈ ગઈ છે. ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો માટે શિક્ષણનું સ્તર કથળી રહ્યું છે, પરંતુ રાજકીય પક્ષોના ભંડોળ અને તેમની સંપત્તિમાં હજાર ગણો વધારો નોંધાઈ રહ્યો છે. અર્થશાસ્ત્રના આંકડા બતાવે છે કે આજે દેશના દરેક નાગરિક પર દેવાનો બોજ વધી રહ્યો છે. મોંઘવારી અને જીએસટી (GST) થી પીડાતી જનાર્દન પ્રજા પેટ્રોલ, ડીઝલ અને ખાદ્ય ચીજો પર ભારે ટેક્સ ચૂકવી રહી છે. જો દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને CapEx ના નામે કરોડો રૂપિયાનું દેવું લેવાઈ રહ્યું હોય, તો મામૂલી વરસાદમાં નેશનલ હાઈવે કેમ ધોવાઈ જાય છે? જો સરકારી તિજોરીમાંથી કરોડો રૂપિયા ખર્ચાયા પછી પણ શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્ર ખાનગી માફિયાઓના હાથમાં જઈ રહ્યું હોય, તો જનતાના પરસેવાના નાણાં જાય છે ક્યાં?

પાક્કો ગુજરાત

મંગળવાર | 18 ઓગસ્ટ 2026 | અમદાવાદ

### ખરાબ નેશનલ હાઇવેમાં ગુજરાત દેશમાં નંબર-1!

# રિપલ એન્જિન ખાડા પર દોડી રહ્યું છે: કરોડોનો ટોલ વસૂલાતો હોવા છતાં વાહનચાલકોની કમર તૂટી

## માત્ર 2 જ વર્ષમાં ક્ષતિગ્રસ્ત રસ્તાઓમાં 12 ગણો ધરખમ વધારો: કરોડોના ખર્ચે બનેલા નવસર્જિત મુંબઇ-દિલ્હી એક્સપ્રેસવે પર ખાડાનું રાજ



અમદાવાદ

'સુપર ફાસ્ટ સ્પીડ' અને 'વિકાસશીલ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર'ના મોટા-મોટા દાવાઓ કરતી સરકારના પોકળ વચનોની પોલ આ ચોમાસાએ ખોલીને મૂકી દીધી છે. કરોડો રૂપિયાના ટોલ ટેક્સ વસૂલવા છતાં વાહનચાલકોને માત્ર ખાડા, ટ્રાફિક અને કમરતોડ ઝાટકા જ મળી રહ્યા છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના આંકડાકીય અહેવાલો મુજબ, ખરાબ અને બગડેલા નેશનલ હાઈવેની લંબાઈની બાબતમાં ગુજરાત આખા દેશમાં પ્રથમ નંબરે આવી ગયું છે.

ગુજરાતમાં હાલમાં ૪૦૮ કિમી લંબાઈના નેશનલ હાઈવે અત્યંત ક્ષતિગ્રસ્ત અને બગડેલી હાલતમાં છે, જે દેશભરના તમામ રાજ્યોમાં સૌથી વધુ છે. સૌથી વધુ ચોંકાવનારી વાત તો એ છે કે માત્ર ૨ જ વર્ષના સમયગાળામાં બગડેલા રસ્તાઓની લંબાઈમાં ૧૨ ગણો ભયાનક વધારો નોંધાયો છે. કરોડો રૂપિયાના બજેટ અને ગ્રાન્ટો આખરે કયા 'ખાડા'માં જઈ રહી છે, તે હવે જનતા સારી રીતે સમજી રહી છે.

વિશ્વસ્તરીય એક્સપ્રેસવેના સપના બતાવીને શરૂ કરાયેલો મુંબઈ-દિલ્હી એક્સપ્રેસવે હજુ તો પૂરો ચાલુ પણ થયો નથી, ત્યાં જ વડોદરાથી સુરત વચ્ચેના માર્ગ પર મોટા-મોટા ખાડા પડી ગયા છે. કરોડોના ખર્ચે બનેલા RCC (સિમેન્ટ-કોંક્રિટ) રોડ પર ડામરના થીગડાં મારીને ખાડા પૂરવાનો હાસ્યાસ્પદ અને હલકી ગુણવત્તાનો ખેલ ચાલી રહ્યો છે. કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરી કે જેઓ હંમેશા ઉત્તમ રોડ નેટવર્કના દાવા કરે છે, તેમના આ મોડેલની પોલ મામૂલી વરસાદમાં જ ખુલ્લી પડી ગઈ છે.

દિવસે-દિવસે વસૂલાતા અધધ ટોલ ટેક્સ છતાં વાહનચાલકો પોતાના જીવના જોખમે ગાડીઓ ચલાવવા મજબૂર બન્યા છે.

શું કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારના કારણે જ આ રસ્તાઓ પહેલે જ વરસાદે ધોવાઈ જાય છે?

RCC રોડ પર ડામરથી પુરવામાં આવતા આ થીગડાં કેટલા દિવસ ટકશે?

હલકી ગુણવત્તાનું કામ કરનારા ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ સામે ક્યારેય બુલડોઝર ફરશે કે માત્ર કાગળ પર નોટિસો આપીને મામલો રફેદફે કરાશે?

## અમેરિકામાં CM ભૂપેન્દ્ર પટેલનો રોકાણકારો સાથે સંવાદ : ધોલેરા SIR અને GIFT સિટીમાં રોકાણ કરવા આમંત્રણ

ગાંધીનગર

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના ત્રણ દિવસીય અમેરિકા પ્રવાસના પ્રથમ દિવસે સાન ફ્રાન્સિસ્કો ખાતે ઉદ્યોગકારો અને અમેરિકન કંપનીઓના પ્રતિનિધિઓ સાથે મહત્વપૂર્ણ બેઠકો યોજાઈ હતી. મુખ્યમંત્રીએ રાજ્યમાં ટેક્નોલોજી અને ઉદ્યોગ ક્ષેત્રે રોકાણ આકર્ષવા માટે ધોલેરા SIR અને GIFT સિટીમાં રોકાણ કરવા ખાસ આમંત્રણ આપ્યું હતું. સાન ફ્રાન્સિસ્કોમાં અમેરિકાની ત્રણ મોટી કંપનીઓના પ્રતિનિધિઓ તેમજ ભારતીય મૂળના ઉદ્યોગકારો સાથે CM ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં ઉપલબ્ધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોકાણલક્ષી નીતિઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. રાજ્યમાં નવા ઉદ્યોગો અને ટેક્નોલોજી આધારિત પ્રોજેક્ટ્સ શરૂ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા તમામ જરૂરી સહયોગ આપવાની ખાતરી આપવામાં આવી હતી.



સાન ફ્રાન્સિસ્કોના ફ્રેમોન્ટ ખાતે કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડિયા અને ઈન્ડિયન ડાયસ્પોરા એસોસિએશન્સ દ્વારા CM ભૂપેન્દ્ર પટેલના સન્માનમાં વિશેષ કોમ્યુનિટી રિસેપ્શન યોજાયું હતું, જેમાં મોટી સંખ્યામાં ભારતીય સમુદાયના લોકો જોડાયા હતા.

## અંબાજીની સરકારી હોસ્પિટલમાં બહારથી દવા લખી આપવાના આક્ષેપો : દર્દીઓમાં નારાજગી!!

અંબાજી

યાત્રાધામ અંબાજીમાં આવેલી કોટેજ હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓને સરકારી દવાઓ પૂરતી માત્રામાં ઉપલબ્ધ ન કરાતી હોવાના અને કેટલીક દવાઓ બહારની મેડિકલ સ્ટોરમાંથી ખરીદવા માટે લખી આપવામાં આવતી હોવાના આક્ષેપો સામે આવી રહ્યા છે. અંબાજીની કોટેજ હોસ્પિટલ સરકારી હોસ્પિટલ તરીકે સત્તાવાર યાદીમાં નોંધાયેલી છે. દર્દીઓ અને તેમના પરિવારજનોના જણાવ્યા મુજબ, સરકારી હોસ્પિટલમાં સારવાર માટે આવતા લોકોને મફત અથવા સરકારી યોજના હેઠળ મળવાપાત્ર દવાઓ ઉપલબ્ધ થવાની અપેક્ષા હોય છે. જોકે, કેટલીક સારવાર દરમિયાન જરૂરી દવાઓ બહારથી ખરીદવાની ફરજ પડતી હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. ખાસ કરીને યાત્રાળુઓ અને સામાન્ય આર્થિક સ્થિતિ ધરાવતા દર્દીઓ માટે




બહારથી મોંઘી દવાઓ ખરીદવાનો વધારાનો ખર્ચ મુશ્કેલીરૂપ બની રહ્યો હોવાની ફરિયાદો છે. દર્દીઓનો સવાલ છે કે જો હોસ્પિટલમાં જરૂરી દવાઓ ઉપલબ્ધ ન હોય તો તેનું કારણ શું છે? દવાઓનો સ્ટોક પૂરતો ઉપલબ્ધ કરવામાં આવતો નથી કે અન્ય કોઈ વહીવટી કારણસર દર્દીઓને બહારથી દવા લેવી પડે છે? આ અંગે હોસ્પિટલ તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. કેટલાક દર્દીઓનું એવું પણ કહેવું છે કે અગાઉ સરકારી હોસ્પિટલમાંથી વધુ પ્રમાણમાં દવાઓ ઉપલબ્ધ થતી હતી, જ્યારે હાલમાં બહારથી દવા લેવાની ફરજ પડતી હોવાનો અનુભવ થાય છે.

### બિલ્ડરોના ખેલ અને જમીન પચાવી પાડવાનું કાવતરું

## સંસ્કૃતિ હોમ્સના કોમન પ્લોટ પર બિલ્ડરોના કબ્જા સામે રહીશોનો પ્રચંડ આક્રોશ, કલેક્ટરને પાઠવ્યું આવેદનપત્ર!

ખેડા

ખેડા જિલ્લામાં આવેલી સંસ્કૃતિ હોમ્સ સોસાયટીના બિલ્ડરોની દાદાગીરી અને જમીન પચાવી પાડવાના ભયાનક કારસાનો પર્દાફાશ થયો છે. સોસાયટીના રહીશોના હક અને અધિકાર સમાન કોમન પ્લોટ પર બિલ્ડર મુકેશ પ્રજાપતિ અને પ્રીતેશ પટેલે ગેરકાયદેસર રીતે કબ્જો જમાવી લીધો હોવાના ગંભીર આક્ષેપો સાથે સમગ્ર મામલો હવે ગરમાયો છે. બિલ્ડરોની આ મનમાની અને દાદાગીરી સામે રોષે ભરાયેલા સંસ્કૃતિ હોમ્સના રહીશોએ એકઠા થઈને ખેડા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચીને આવેદનપત્ર પાઠવ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સંસ્કૃતિ હોમ્સ સોસાયટી બનાવતી વખતે રજિસ્ટર્ડ પ્લાન મુજબ રહીશોના જાહેર વપરાશ, બાળકોના રમવા અને સામાજિક પ્રસંગો માટે કોમન પ્લોટ ફાળવવામાં આવ્યો હતો. સોસાયટીના મકાનો વેચાઈ ગયા બાદ અને રહીશો રહેવા આવ્યા પછી, બિલ્ડર મુકેશ પ્રજાપતિ અને પ્રીતેશ પટેલની દાનત બગડી હતી. રહીશોનો આરોપ છે કે આ બંને બિલ્ડરોએ સત્તા અને નાણાંના જોરે ગેરકાયદેસર રીતે કોમન



પ્લોટ પર કબ્જો કરી લીધો છે અને પોતાના સ્વાર્થ માટે તેનો દુરુપયોગ કરવાનો કારસો રચી રહ્યા છે. પોતાની કમાણીના પરસેવાના નાણાં ખર્ચીને ઘર ખરીદનારા રહીશો હવે કાયદાકીય લડાઈના મૂડમાં છે. કલેક્ટર કચેરીએ પહોંચેલા રહીશોએ તીખા સવાલો ઉઠાવ્યા છે: રહીશોના હકના કોમન પ્લોટ પર કબ્જો જમાવવાની બિલ્ડરોની હિંમત કેવી રીતે થઈ? શું ભૂમાફિયાઓ અને મનસ્વી બિલ્ડરો સામે ખેડા જિલ્લા વહીવટી તંત્ર લૅન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ કડક કાર્યવાહી કરશે? પોતાના હક માટે અવાજ ઉઠાવતા સામાન્ય નાગરિકોને ક્યારે ન્યાય મળશે? સંસ્કૃતિ હોમ્સના રહીશોએ આવેદનપત્ર આપીને સ્પષ્ટ શબ્દોમાં માગ કરી છે કે કલેક્ટર તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ સમગ્ર મામલે તટસ્થ તપાસ કમિટી નીમવામાં આવે. ગેરકાયદેસર કબ્જો જમાવનાર બિલ્ડર મુકેશ પ્રજાપતિ અને પ્રીતેશ પટેલ સામે ગુનો નોંધી, કોમન પ્લોટને બિલ્ડરોના પંજામાંથી મુક્ત કરાવી સોસાયટીના રહીશોને સોંપવામાં આવે. રહીશોએ ચીમકી પણ આપી છે કે જો બિલ્ડરો સામે કડક કાયદાકીય પગલાં ભરવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં ગાંધીચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

### ભાવનગરમાં SEBIના ધામા

## ₹1,500 કરોડના મહાકૌભાંડમાં હનિફ શેખ ઉર્ફે 'ખાટકી'ના ત્યાં ત્રાટકી સેબીની ટીમ!

ભાવનગર

સૌરાષ્ટ્રના અર્થતંત્ર અને કાળા નાણાંના કારોબારમાં મોટો ધડાકો થયો છે! ભાવનગરમાં શેરબજાર અને નાણાકીય હેરાફેરી સાથે જોડાયેલા મોટા ગજાના માથા ગણાતા *હનિફ શેખ ઉર્ફે 'ખાટકી'*ના ઠેકાણાઓ પર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) દ્વારા ત્રાટકીને દરોડા પાડવામાં આવતા સમગ્ર પંથકમાં ભારે સપોટા સાથે અફરાતફરી મચી ગઈ છે. સૂત્રો પાસેથી મળતી અત્યંત ચોંકાવનારી વિગતો મુજબ, આ દરોડા સામાન્ય નથી પરંતુ અંદાજે 1,500 કરોડ રૂપિયાના આંકડાને આંબી જતા મહાકૌભાંડ સાથે જોડાયેલા છે! હનિફ શેખ ઉર્ફે ખાટકી દ્વારા શેરબજારમાં ગેરરીતિઓ,




અનધિકૃત નાણાકીય વ્યવહારો કે પછી કાળા નાણાંને ધોળા કરવાના મોડસ ઓપરેન્ડી હેઠળ આ મોટું નેટવર્ક ચલાવવામાં આવતું હોવાની શંકા સેવાઈ રહી છે.

SEBIની ઉચ્ચસ્તરીય ટીમ દ્વારા હનિફ શેખના રહેણાંક અને વ્યાપારી ઠેકાણાઓ પર વહેલી સવારથી જ દરોડાની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. દરોડા દરમિયાન હિસાબી ચોપડા, ડિજિટલ પુરાવા, હાર્ડ ડિસ્ક તેમજ કરોડો રૂપિયાના શંકાસ્પદ વ્યવહારોના દસ્તાવેજો જપ્ત કરવામાં આવી રહ્યા છે. હનિફ શેખ સાથે જોડાયેલા અન્ય સાગરીતો અને નાણાકીય લેવડ-દેવડ કરનારા મોટા માથાઓ સુધી પણ તપાસનો આંકડો પહોંચવાની પૂરેપૂરી શક્યતા છે.

### હાઇવે પર ભુવાનું 'કાયમી ઘર' કે ભ્રષ્ટાચારનો કારસો?

## નડિયાદ-અમદાવાદ હાઇવે પર દેવકી વણસોલ નજીક પડ્યો 10 ફૂટ ઊંડો ભયાનક ભુવો!

નડિયાદ

નડિયાદ-અમદાવાદ હાઈવે પર આવેલ દેવકી વણસોલના પાટિયા પાસે આજે એક હૃદય ધડકાવી દે તેવી ઘટના સામે આવી છે. આ અત્યંત વ્યસ્ત હાઈવે પર અચાનક મસમોટો ભુવો પડી જતાં અફરાતફરી મચી ગઈ હતી. લગભગ ૧૦ ફૂટ ઊંડો અને ૩ ફૂટ પહોળો આ ખાડો જોઈને રસ્તા પરથી પસાર થતા વાહનચાલકોના હોશ કોશ ઊડી ગયા હતા. જો સહેજ પણ નજર ચૂકી ગઈ હોત તો કોઈ મોટી જાનહાનિ સર્જાઈ શકી હોત.





સ્થાનિકો પાસેથી મળતી પ્રાથમિક વિગતો અનુસાર, રોડની નીચેથી પસાર થતી પાણીની પાઈપલાઈનમાં ભયાનક લીકેજ થવાના કારણે અંદરથી જ અંદરથી જમીન ધોવાઈ ગઈ હતી અને પરિણામે આ મસમોટો ભુવો પડ્યો હતો. ભુવાની ગંભીરતાને ધ્યાને રાખીને તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી હાઈવેની એક સાઈડનો રસ્તો વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો છે. સ્થાનિક રહીશોએ સમગ્ર મામલે સ્થાનિક ધારાસભ્યને જાણ કરતાં જ ત્વરિત જેસીબી મશીન બોલાવીને ભુવો પૂરવાની અને રિપેરિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે.

તંત્ર અને ભ્રષ્ટ નીતિ સામે ઊઠતા તીખા સવાલો જોકે, આ ભુવો પડતાં જ માર્ગ-મકાન વિભાગની નબળી કામગીરી પર જનતાના તીખા સવાલોનો મારો શરૂ થઈ ગયો છે: નવો બનાવવામાં આવેલો રોડ આટલી જલ્દી અંદરથી ધસી કેમ ગયો? શું રોડના બાંધકામ વખતે નબળી ગુણવત્તાનો માલ-મસાલો વપરાયો હતો કે પછી ભુવાએ હાઈવે પર કાયમી ઘર બનાવી લીધું છે? કરોડોના ખર્ચે બનતા રસ્તાઓમાં પાઈપલાઈનના લીકેજ અને રોડની સ્થિરતાનું ચેકિંગ પહેલાં કેમ કરવામાં આવતું નથી?

## અંબાજી પોલીસ સ્ટેશનમાં નિયમોના ધજાગરા? 5 વર્ષથી એક જ ખુરશી પર ચીપકેલા 'ખાસ' કર્મચારીઓ કોના આશીર્વાદથી?

અંબાજી (બનાસકાંઠા)

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની વાતો વચ્ચે હવે ખાખી વર્દીમાં ચાલી રહેલી સાંઠગાંઠ અને નિયમોની ઐસીતૌસી સામે સણસણતા સવાલો ઉભા થયા છે! પવિત્ર યાત્રાધામ અંબાજીના પોલીસ સ્ટેશનમાં છેલ્લા 5-5 વર્ષથી વધુ સમયથી એક જ જગ્યાએ ચીપકી રહેલા કર્મચારીઓ મુદ્દે ભારે ખળભળાટ મચી ગયો છે. ઉચ્ચ કક્ષાએથી બદલીઓના કડક આદેશો અને ગૃહ વિભાગના નીતિ-નિયમો હોવા છતાં, આ ચોક્કસ કર્મચારીઓ પર જ કેમ મહેરબાની વર્ષાવવામાં આવી રહી છે?

ગુજરાત પોલીસ મેન્યુઅલ મુજબ, કોઈ પણ કર્મચારી એક જ સ્થળે 5 વર્ષથી વધુ સમય સુધી ફરજ બજાવી શકતો નથી. જોકે, ખાસ સંજોગો કે વહીવટી કારણોસર સક્ષમ અધિકારી મુદત લંબાવી શકે તેવા છટકબારી જેવા નિયમનો આશરો લઈને અહીં 'રમત' રમાઈ રહી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. અંબાજી જેવા અતિ સંવેદનશીલ અને મહત્વના પોલીસ સ્ટેશનમાં એવા તે કયા 'વિશેષ વહીવટી કારણો' છે કે આ કર્મચારીઓ વિના ખાતું ચાલી શકે તેમ નથી?

### SP તરીકે નહિ પણ ભાઈ બનીને વ્યાજખોરોના પંજામાંથી બચાવ્યા

## SP પ્રેમસુખ ડેલુનો વ્યાજખોરો પર હથોડો : 8 કરોડની મિલકતો અને 123 તોલા સોનું પાછું અપાવ્યું!

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબૂત કરવા સાથે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને વ્યાજખોરીના દૂષણમાંથી મુક્ત કરાવવા માટે સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા (SP) પ્રેમસુખ ડેલુએ વ્યાજમાફિયાઓ સામે આક્રમક ઝુંબેશ ચલાવીને દાખલો બેસાડ્યો છે. SP પ્રેમસુખ ડેલુના નેતૃત્વમાં પોલીસે વ્યાજખોરો પર કડક કાયદાકીય હથોડો વીંઝીને પીડિતોને આશરે ૮ કરોડ રૂપિયાથી વધુની સ્થાવર-જંગમ મિલકતો પરત અપાવી છે, જ્યારે છેલ્લા એક જ વર્ષમાં ૧૨૩ તોલાથી વધુ સોનું વ્યાજખોરોના પંજામાંથી મુક્ત કરાવી મૂળ માલિકોને સોંપ્યું છે.

આ ઝુંબેશ અંતર્ગત પોલીસ કચેરી ખાતે જ્યારે વ્યાજખોરો પાસેથી જપ્ત કરાયેલું સોનું અને મિલકતના દસ્તાવેજો તેના સાચા માલિકોને સુપ્રત કરવામાં આવી રહ્યા હતા, ત્યારે એક અત્યંત સ્પર્શક ઘટના બની હતી. વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયેલા પરિવારની યુવતીને જ્યારે તેના ઘરના ગીરવે મુકેલા સોનાના દાગીના સુરક્ષિત પાછા મળ્યા, ત્યારે તેની આંખોમાં હરખના આંસુ આવી ગયા હતા. યુવતીએ અત્યંત ભાવુક થઈને SP પ્રેમસુખ ડેલુને પૂછ્યું હતું કે, 'સાહેબ, તમે અમારા પરિવારને બચાવી લીધો છે, તો શું આ રક્ષાબંધને હું તમને રાખડી બાંધવા આવી શકું?' યુવતીના આ સંવેદનશીલ શબ્દો સાંભળીને પોલીસ કચેરીમાં હાજર તમામ લોકોની આંખો ભીની થઈ ગઈ હતી.

SP પ્રેમસુખ ડેલુએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જિલ્લામાં ગેરકાયદેસર રીતે વધુ વ્યાજ વસૂલતા, લોકોને ધમકાવતા કે મિલકતો પચાવી પાડતા એકપણ વ્યાજખોરને બક્ષવામાં આવશે નહીં. પોલીસે વ્યાજખોરો સામે લોકદરબાર યોજીને અનેક ફરિયાદો નોંધી છે અને ભૂમાફિયાઓ તેમજ વ્યાજખોરોની ગેરકાયદે સંપત્તિઓ જપ્ત કરવાની દિશામાં કડક કાયદાકીય કારવાઈ હાથ ધરી છે. સુરેન્દ્રનગર પોલીસની આ ભગીરથ કામગીરીને પગલે સમગ્ર જિલ્લામાં પ્રજાનો પોલીસ પ્રત્યેનો વિશ્વાસ બમણો થયો છે અને વ્યાજખોરીના દૂષણથી પીડાતા અનેક પરિવારને નવજીવન મળ્યું છે.

### શ્રી પાંચગામ શ્રીમાળી સોની સમાજ વડોદરા શહેર દ્વારા

## વાર્ષિક સાધારણ સભા, તેજસ્વી તારલાઓ - સમાજનાં અગ્રણીઓના સન્માન સાથે શસાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

વડોદરા

બાળકોને જીવનમાં ઉચ્ચતમ સ્થળ પહોંચાડવા માટે શિક્ષણ મહત્વનો ભાગ ભજવે છે. જેથી બાળકોને શિક્ષણની બાબતમાં પ્રોત્સાહન મળે તે માટે શ્રી પાંચ ગામ શ્રીમાળી સોની સમાજ વડોદરા શહેર દ્વારા વાઘોડિયા રોડ ખાતે આવેલ સંખેડા દશાલાડ ભવન ખાતે સમાજનાં તેજસ્વી તારલાઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વડોદરા, ડભોઈ, બોડેલી, હાલોલ, પાદરા અને સંખેડા સહિતનાં ગામોમાંથી વિવિધ આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રી પાંચગામ સોની સમાજ વડોદરા શહેર દ્વારા આજરોજ સાધારણ સભા યોજેવામાં આવી હતી.



જેમાં સમાજનાં પ્રમુખ નગીનભાઈ એમ. સોની અને મંત્રી રાજેન્દ્રભાઈ બી. સોની દ્વારા વર્ષ દરમિયાન થતી વિવિધ પ્રવૃત્તિઓ અને આગામી કાર્યક્રમોની રૂપરેખા વિશે જાણકારી આપવામાં આવી હતી. તેમજ આગામી વર્ષ માટે નવી કમિટીની રચના પણ કરવામાં આવી હતી. આ સાથે ગત વર્ષનાં હિસાબો માટેનું બજેટ સમાજનાં ખજાનચી અને અખિલ હિન્દ શ્રીમાળી સોની મહા મંડળનાં સભ્ય વિપુલભાઈ રમેશચંદ્ર સોની દ્વારા રજૂ કરવામાં આવ્યાં હતાં. આ તમામ પ્રસ્તાવો કરવાનું મતે મંજૂર કરવામાં આવ્યાં હતાં. સમાજની શિક્ષણ સમિતિના ગૌરાંગભાઈ વિ. સોની ( સહ ખજાનચી), ધનશ્યામ ભાઈ આર. સોની ( સંગઠન મંત્રી), અનિલભાઈ બી. સોની ( સહ સંગઠન મંત્રી) તેમજ કમિટીના સભ્યો જૈમીનભાઈ, સ્વપ્નેશભાઈ, રાકેશભાઈ, ધવલભાઈ, રાજનભાઈ, કિરણભાઈની ટીમ દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

### રાણીપમાં અજય સાલ્વીની સરેઆમ ક્રૂર હત્યાનો મામલો

## પોલીસનું મોટું ઓપરેશન, 2 કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરો સહિત 8 આરોપીઓ ઝબ્બે!

અમદાવાદ

અમદાવાદના રાણીપ વિસ્તારમાં અજય સાલ્વી નામના યુવકની નિર્મમ અને કાળજું કંપાવી દે તેવી હત્યાના સનસનાટીભર્યા કેસમાં રાણીપ પોલીસે મોટી સફળતા મેળવી છે. આ લોહિયાળ ખેલ ખેલનારા અને ગુનામાં પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે સામેલ ૮ આરોપીઓને પોલીસે દબોચી લીધા છે. જોકે, આ હત્યાકાંડનો મુખ્ય સુત્રધાર અંકિત પરમાર સહિત ૮ જેટલા હિંસક સાગરીતો હજુ પણ ફરાર હોવાથી પોલીસે તેમને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મૃતક અજય સાલ્વી સાથે આરોપીઓને અગાઉ ઝઘડો થયો હતો. આ જૂની અદાવતનું ઝેર મનમાં રાખીને મુખ્ય આરોપી અંકિત પરમારે અજય સાલ્વીને મોતને ઘાટ ઉતારવાનું ભયાનક ષડયંત્ર રચ્યું હતું. અંકિત પરમાર ૧૦થી વધુ સશસ્ત્ર અને માથાભારે શખ્સોના ટોળાને સાથે લઈને આવ્યો હતો અને અજય સાલ્વી પર અચાનક તૂટી પડીને તેને લોહીલુહાણ કરી સરેઆમ મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ ઘટનાથી સમગ્ર રાણીપ વિસ્તારમાં ભારે દહેશત અને અરેરાટી વ્યાપી ગઈ હતી. હત્યાની આ સનસનાટીભર્યા વંટોળ જેવા કાવતરાને અંજામ આપ્યા બાદ આરોપીઓ પોલીસ પકડથી બચવા માટે એક ટેમ્પોમાં સવાર થઈને ભાગી છૂટ્યા હતા. તમામ આરોપીઓ મહેસાણા રોડ પર આવેલી છત્રાલ GIDCના અંધારા ખૂણાઓમાં જઈને સંતાઈ ગયા હતા. જોકે, રાણીપ પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોના નેટવર્કને સક્રિય કરીને છત્રાલ GIDCમાંથી ૮ શખ્સોને ઘેરીને ઝડપી પાડ્યા છે. હત્યાનો મુખ્ય માસ્ટરમાઈન્ડ અંકિત પરમાર પોતાના બચેલા સાગરીતો સાથે હજુ પણ પોલીસ પકડથી દૂર છે. રાણીપ પોલીસે ઝડપાયેલા આરોપીઓની આકરી પૂછપરછ શરૂ કરી છે અને ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમ બનાવીને દરોડા પાડવાની તજવીજ તેજ કરી દીધી છે.

## તંત્રી લેખ...

# 35ને ફાંસી – કાયદાનો ડર કે 'ફાંસીવાદ'? ન્યાયપ્રણાલી અને માનવાધિકાર વચ્ચે ઘેરાતો નવો વિવાદ

ભારતીય દંડ સંહિતા અને ન્યાયપ્રણાલીમાં મૃત્યુદંડ (ફાંસી) અંગે સર્વોચ્ચ અદાલતે 'રેરેસ્ટ ઓફ ધ રેર' (દુર્લભમાંથી અતિ દુર્લભ) કેસનો સિદ્ધાંત આપ્યો છે. હેતુ એ હતો કે ફાંસી એ અપવાદ હોવી જોઈએ, નિયમ નહીં. પરંતુ તાજેતરમાં ઉત્તર પ્રદેશથી લઈને ગુજરાત સુધીના અદાલતી ચુકાદાઓ પર નજર કરીએ તો ચિત્ર અલગ જ ઉપસી આવે છે. મુઝફ્ફરનગરના એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ (ADJ) રવિ કુમાર દિવાકર દ્વારા છેલ્લા ચાર મહિનામાં જ ૨૨ લોકોને ફાંસીની સજા ફટકારવામાં આવી છે, જેનાથી કાનૂની વર્તુળોમાં એક નવી ચર્ચા છેડાઈ છે કે શું દેશમાં સજાનો અભિગમ સુધારાવાદીમાંથી વધીને 'શિક્ષાત્મક કે ફાંસીવાદી' બની રહ્યો છે?


ન્યાયાધીશ રવિ કુમાર દિવાકરનો ચોંકાવનારો રેકોર્ડ

જ્ઞાનવાપી મસ્જિદ કેસમાં વિવાદાસ્પદ સર્વેનો આદેશ આપીને લાઈમલાઈટમાં આવેલા જસ્ટિસ રવિ કુમાર દિવાકરે અત્યાર સુધીમાં કુલ ૩૫ દોષિતોને મૃત્યુદંડની સજા સંભળાવી છે. મુઝફ્ફરનગર અને બરેલીમાં તેમની બદલી દરમિયાન તેમણે ઉપરાઉપરી ફાંસીના ચુકાદા આપ્યા છે.

મુઝફ્ફરનગરમાં ચાર મહિનામાં ૨૨ને ફાંસી:

૬ એપ્રિલ: એડવોકેટ સમીર સૈફી હત્યા કેસમાં ૩ દોષિતોને મોતની સજા.

૨૮ એપ્રિલ: એક જ પરિવારની મહિલા અને તેના ત્રણ પુત્રોની નૃશંસ હત્યાના કેસમાં ૪ દોષિતોને ફાંસી.



૩૦ મે અને ૨૦ જૂન: ૩૦ મેના રોજ ૧ અને ૨૦ જૂને ૨ દોષિતોને મૃત્યુદંડ.

જુલાઈ માસમાં સજાનો સિલસિલો: ૨ જુલાઈ (૧ દોષિત), ૬ જુલાઈ (૨ દોષિત) અને ૧૭ જુલાઈ (૪ દોષિત) મળીને એક જ મહિનામાં ૭ લોકોને ફાંસી.

ઓગસ્ટ માસના ચુકાદા: ૧૨ ઓગસ્ટે ૧ અને ૧૩ ઓગસ્ટે ૪ દોષિતોને ફાંસીની સજા સંભળાવવામાં આવી.

બરેલીમાં ભૂતકાળના કડક નિર્ણયો: બરેલીમાં ફરજ દરમિયાન ૨૦૧૪ના ટ્રિપલ મર્ડર અને હાઈવે લૂંટ કેસમાં ચિમાર હસન ગેંગના ૮ સભ્યો સહિત ૧૩ લોકોને તેમણે મોતની સજા ફટકારી હતી.

ગુજરાતમાં વધી રહ્યો છે ફાંસીનો ગ્રાફ

કેવળ ઉત્તર પ્રદેશ જ નહીં, ગુજરાતમાં પણ અદાલતો દ્વારા મૃત્યુદંડ આપવાના પ્રમાણમાં ધરખમ વધારો થયો છે:

વર્ષ ૨૦૨૨: ગુજરાતની નીચલી અદાલતો દ્વારા રેકોર્ડબ્રેક ૫૦ દોષિતોને ફાંસીની સજા સંભળાવવામાં આવી હતી.

જૂલાઈ ૨૦૨૬: ગુજરાત હાઈકોર્ટે ૩૮ દોષિતોની ફાંસીની સજાને મંજૂર રાખીને કાયદાની કડકાઈનો સ્પષ્ટ સંદેશ આપ્યો છે.

વૈશ્વિક પ્રવાહ વિરુદ્ધ ભારતનું વલણ: તાર્કિક પ્રશ્નો

દુનિયાના ૧૧૩ દેશોએ માનવાધિકાર અને સુધારાવાદી ન્યાયશાસ્ત્રને પ્રાધાન્ય આપીને પોતાના કાયદામાંથી મૃત્યુદંડને કાયમી ધોરણે નાબૂદ કરી દીધો છે. આ સંજોગોમાં ભારતમાં સળંગ અપાતી ફાંસીની સજાઓ સામે કેટલાક ગંભીર પ્રશ્નો ઉભા થાય છે:


૧. 'રેરેસ્ટ ઓફ ધ રેર'નું શું થયું? શું દરેક ગંભીર ગુનામાં ફાંસી આપવી એ ન્યાયિક વિવેકબુદ્ધિ છે કે પછી વહીવટી કડકાઈ બતાવવાનો પ્રયાસ?

૨. સુધારાની કોઈ તક નહીં? ન્યાયપ્રણાલીનો મૂળ હેતુ ગુનેગારને સુધારવાનો છે કે તેને સમાપ્ત કરવાનો?

૩. ઉચ્ચ અદાલતોનું વલણ: નીચલી અદાલતો દ્વારા અપાતી આટલી મોટી સંખ્યામાં ફાંસીની સજાઓ પર સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટ આગામી દિવસોમાં શું સમીક્ષા કરે છે તેના પર સૌની નજર રહેશે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ભૂગર્ભમાં કંડારેલું શિલ્પકળાનું મહાકાવ્ય: અડાલજની જગવિખ્યાત વાવ



માનવ ઈતિહાસ અને સ્થાપત્યનો એક એવો વિલક્ષણ સમન્વય જોવો હોય જે સદીઓ જૂનો હોવા છતાં આજે પણ અડીખમ અને જીવંત ભાસે છે, તો તે ગુજરાતની પાવન ધરા પર આવેલી અડાલજની વાવ છે. ગાંધીનગર નજીક આવેલી આ પંચમુખી વાવ માત્ર પાણી સંગ્રહ કરવાનું સાધન નથી, પરંતુ પથ્થરોમાં કંડારેલું એક ભવ્ય મહાકાવ્ય છે. ઈસવીસન ૧૪૯૯માં વાઘેલા વંશના રાણા વીરસિંહની સ્મૃતિમાં તેમની પરમ વિદુષી પત્ની રાણી રૂડાબાઈ દ્વારા નિર્મિત આ સ્થાપત્ય ભારતીય શિલ્પકળાનો સર્વોચ્ચ આવિષ્કાર છે. આ એક એવો વિષય છે જે આપણને ગૌરવ, ત્યાગ અને સ્થાપત્ય વૈભવની એક અનન્ય ઊંચાઈ પર લઈ જાય છે.

ભૂગર્ભમાં પાંચ માળ ઊંડી ઉતરતી આ વાવની સ્થાપત્ય શૈલી હિન્દુ અને ઈસ્લામિક શિલ્પકળાનો એક અદ્ભુત સંગમ છે. જેમ-જેમ આપણે આ વાવના પગથિયાં ઉતરીને અંદર જઈએ છીએ, તેમ-જેમ પથ્થરો પર કંડારેલા દેવી-દેવતાઓ, ફૂલ-વેલ, પશુ-પંખીઓ અને તત્કાલીન સામાજિક જીવનના દ્રશ્યો આપણી આંખો સમક્ષ જીવંત થઈ ઉઠે છે. વાવની ભૌમિતિક રચના એવી અજોડ છે કે ભરઉનાળે પણ તેના તળિયે બહારના વાતાવરણ કરતાં તાપમાન પાંચથી છ ડિગ્રી ઓછું રહે છે.

પૃથ્વીના પેટાળમાં અમૃત જેવું જળ સાચવવાની અને મુસાફરોને શીતળતા આપવાની આ પ્રાચીન ભારતીય તકનીકી વૈશ્વિક સ્તરે અજોડ છે. હૃદયના આ નિર્મળ ભાવ અને શિલ્પના વૈભવને કાવ્યાત્મક શબ્દોમાં આ રીતે કંડારી શકાય:

'પથ્થરના હૃદયમાંથી જ્યાં શિલ્પ વહી નીકળ્યા છે,
એ અડાલજના પગથિયે સંસ્કૃતિના પાવન દર્શન થયા છે.'

આ વાવ માત્ર કળાનું કેન્દ્ર નથી, પરંતુ એક પ્રબળ સ્ત્રીના ત્યાગ, સમર્પણ અને નૈતિક દ્રઢતાની અમર દાસ્તાન છે. રાણી રૂડાબાઈએ પ્રજાના કલ્યાણ માટે અને પોતાના પતિના અધૂરા સ્વપ્નને પૂરું કરવા માટે જે ધૈર્ય અને સાહસ દાખવ્યું, તે ઈતિહાસના પાના પર સુવર્ણ અક્ષરે અંકિત છે. આજના આધુનિક અને વિજાણુ યુગમાં આપણે ભૌતિક બાંધકામો તો બહુ મોટા કરીએ છીએ, પરંતુ પ્રાચીન સમયના સ્થાપત્યો પાછળ જે શ્રદ્ધા, પરોપકાર અને આત્મિક ભીનાશ હતી, તે આજે ક્યાંક ખૂટે છે. નિઃસ્વાર્થ લોકકલ્યાણ અને કળાના આ પરમ મિલનને લોકહૃદય હંમેશાં આ રીતે બિરદાવે છે:

'ધન અને વૈભવથી તો માત્ર ઈમારતો ચણાય છે,
પરંતુ રાણીના ત્યાગથી આવા પવિત્ર તીર્થો રચાય છે.'

આજે એકવીસમી સદીમાં ભારત જ્યારે વૈશ્વિક ફલક પર પોતાની સાંસ્કૃતિક અસ્મિતાનો પરચો આપી રહ્યું છે, ત્યારે અડાલજની આ વાવ આપણને આપણા ભવ્ય વારસાનું સંવર્ધન કરવાનો સંદેશ આપે છે. આ ઐતિહાસિક સ્થાપત્ય આપણી આવનારી પેઢીઓને સાચા અર્થમાં સક્ષમ, કલાપ્રેમી અને રાષ્ટ્રવાદી બનાવવામાં મોટી ભૂમિકા ભજવી શકે છે. પૃથ્વીના સીમાડા ઓળંગીને વિશ્વભરના પ્રવાસીઓને આકર્ષિત કરતો આ સ્થાપત્યનો વિજયધ્વજ સદીઓ સુધી ગર્વથી લહેરાતો રહેશે અને આપણી ગૌરવશાળી વિરાસતનો સાક્ષી બની રહેશે તે સુનિશ્ચિત છે.

**- રૂપેશ સોલંકી**

# ટ્રમ્પે ભારતના શત્રુઓ સહિત 3 મુસ્લિમ દેશોના વખાણ કર્યા

તૂર્કિયે, સાઉદી અરેબિયા અને પાકિસ્તાન વચ્ચે થયેલા ઐતિહાસિક 'મક્કા સંરક્ષણ સમજૂતી' (Mecca Defense Pact)નું અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઉષ્માભેર સ્વાગત કર્યું છે. તેમણે આ કરારને અત્યંત સુંદર અને સાહસિક પગલું ગણાવતા કહ્યું કે આનાથી મધ્ય પૂર્વમાં એકતા આવશે અને વ્યાપક સુરક્ષા માટે પરસ્પર સહયોગ વધશે. ઉલ્લેખનીય છે કે 7 ઓગસ્ટે સાઉદીના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન, તૂર્કિયેના પ્રમુખ તૈયપ એર્દોગન અને પાકિસ્તાની પ્રધાનમંત્રી શાહબાઝ શરીફે આ મહત્ત્વકાંક્ષી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. તૂર્કિયે પણ નાટો (NATO)નું સભ્ય હોવાથી આ ડીલ વૈશ્વિક સ્તરે ખૂબ મહત્ત્વની માનવામાં આવે છે. સમજૂતી પર ભારતનું વલણ આ ત્રિપક્ષીય સંરક્ષણ કરાર પર ભારતીય વિદેશ મંત્રાલયે પ્રતિક્રિયા આપતા જણાવ્યું છે કે આ સમજૂતીની સ્થાનિક અને ક્ષેત્રીય શાંતિ તેમજ ભારત પર શું અસર પડશે તેની તપાસ કરવામાં આવી રહી છે. ભારત પોતાના દેશના લોકોના હિતો અને સુરક્ષા માટે પૂરેપૂરું કટિબદ્ધ છે. સમજૂતી બાદ બહાર પાડવામાં આવેલા સંયુક્ત નિવેદન અનુસાર, આ કરારનો મુખ્ય હેતુ કોઈપણ આક્રમક કાર્યવાહી સામે સામૂહિક પ્રતિકાર ક્ષમતાને મજબૂત કરવાનો છે. આમાં એવી જોગવાઈ રાખવામાં આવી છે કે ત્રણેય દેશોમાંથી કોઈ પણ એક દેશ પર થયેલો સશસ્ત્ર હુમલો ત્રણેય દેશો પર થયેલો હુમલો માનવામાં આવશે. આ ડીલ દ્વારા ઓઈલ સમૃદ્ધ સાઉદી અરેબિયા, અણુશક્તિ સંપન્ન પાકિસ્તાન અને નાટોની બીજી સૌથી મોટી સેના ધરાવતું તૂર્કિયે એક મંચ પર આવ્યા છે.

## ગુજરાત ગૌરવ કથા

# સંવેદના અને શિસ્તનો બેનમૂન સંગમ: ડૉ. જિતેન્દ્ર અગ્રવાલ (IPS), ડીસીપી ઝોન-5, અમદાવાદ શહેર




સામાન્ય રીતે પોલીસ વિભાગનું નામ પડે એટલે કડક શિસ્ત, ગુનેગારો પર ધાક અને કાયદાની કડક કાર્યવાહીની છબી મગજમાં ઊભી થતી હોય છે. પરંતુ જ્યારે એક ઉત્કૃષ્ટ તબીબ (MD ડૉક્ટર) પોતાના સ્ટેથોસ્કોપને બાજુ પર મૂકીને ખભા પર અશોક સ્તંભ ધારણ કરે, ત્યારે સમાજને માત્ર એક IPS અધિકારી નથી મળતો, પણ માનવ સંવેદના અને કાયદાકીય શિસ્તનો અદ્ભુત સમન્વય જોવા મળે છે. અમદાવાદ શહેરના DCP ઝોન-૫ ડૉ. જિતેન્દ્ર અગ્રવાલ (IPS) એક એવું જ વ્યક્તિત્વ છે, જેમણે પોતાના કાર્યકાળથી અમદાવાદ પોલીસનું નામ રોશન કર્યું છે.

### મેડિકલથી UPSCની કઠિન સફર: ડૉક્ટરથી IPS અધિકારી

મૂળ વડોદરાના વતની ડૉ. જિતેન્દ્ર અગ્રવાલે જામનગરની એમ.પી. શાહ મેડિકલ કૉલેજમાંથી MBBS અને ત્યારબાદ ૫ કોલોજીમાં MDની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. એક સફળ ડૉક્ટર હોવા છતાં, તેમનું લક્ષ્ય સમાજના છેવાડાના માનવીને વ્યાપક સ્તરે મદદરૂપ બનવાનું અને કાયદાનું શાસન મજબૂત કરવાનું હતું.

પોતાના દ્રઢ સંકલ્પ અને અથાક પરિશ્રમના બળે તેમણે કોઈ પણ મોટા કોચિંગ ક્લાસ વગર UPSC જેવી દેશની સૌથી અઘરી પરીક્ષામાં સમગ્ર ભારતમાં ૧૨૮મો રેન્ક (AIR 128) મેળવીને ૨૦૨૦ કેડરના IPS અધિકારી તરીકે પદભાર સંભાળ્યો હતો.

### ઝોન-5 અમદાવાદમાં કાયદા અને વ્યવસ્થાની મજબૂત કમાન

અમદાવાદનો ઝોન-૫ વિસ્તાર વસ્તી અને ગુનાખોરીના સંદર્ભમાં અત્યંત સંવેદનશીલ અને મહત્વનો માનવામાં આવે છે. DCP તરીકે કમાન સંભાળ્યા બાદ ડૉ. જિતેન્દ્ર અગ્રવાલે ઝોન-૫માં ગુનાખોરીને નાથવા માટે ચોક્કસ વ્યૂહરચના અમલી બનાવી છે:

ગુનેગારો અને માથાભારે તત્વો સામે આકરા પ્રહાર: અસામાજિક તત્વો, અડ્ડાચાલકો અને દાદાગીરી કરતા શખ્સો સામે તેમણે પાસા (PASA) અને કાયદાકીય શિકંજો કસીને ગુનેગારોમાં ભયનો માહોલ ઊભો કર્યો છે.

નાર્કોટિક્સ અને ગેરકાયદે પ્રવૃત્તિઓ પર રોક: યુવાધન જેને કારણે બરબાદ થઈ રહ્યું છે તેવા નશીલા પદાર્થોના કારોબાર સામે ઝોન-૫ પોલીસે અનેક સફળ ઓપરેશન્સ પાર પાડ્યા છે.

મહિલા અને વરિષ્ઠ નાગરિકોની સુરક્ષા: ઝોન-૫ ના દરેક પોલીસ સ્ટેશનમાં મહિલાઓ અને વૃદ્ધો પોતાની ફરિયાદ નિઃસંકોચ આપી શકે તે માટે વાતાવરણ ભયમુક્ત બનાવવામાં આવ્યું છે.

### પોલીસનો માનવીય અભિગમ: 'દાન પુન કેન્દ્ર' ની પ્રેરણાદાયી પહેલ

ડૉ. જિતેન્દ્ર અગ્રવાલ માત્ર કાયદાની લાકડી વીંઝનારા અધિકારી નથી, પરંતુ તેમનામાં એક ડૉક્ટરની સંવેદના જીવંત છે.


તેમની જ પ્રેરણાથી અમદાવાદના ખોખરા સ્થિત 'I' ડિવિઝન ACP કચેરી ખાતે 'દાન પુન કેન્દ્ર' ની શરૂઆત કરવામાં આવી છે. આ કેન્દ્રનો મુખ્ય હેતુ સદ્ધર લોકો પાસેથી વધારાના કપડાં, પગરખાં, રમકડાં કે અન્ય ચીજવસ્તુઓ એકત્ર કરીને ગરીબ અને જરૂરિયાતમંદ લોકો સુધી મફતમાં પહોંચાડવાનો છે. 'પોલીસ પણ એક મિત્ર અને રક્ષક છે' તેવું ઉત્તમ ઉદાહરણ તેમણે આ માનવીય કાર્ય દ્વારા પૂરું પાડ્યું છે.

### પ્રજાભિમુખ અધિકારી અને યુવાનો માટે પ્રેરણા સ્ત્રોત

ડૉ. જિતેન્દ્ર અગ્રવાલની કામગીરીની સૌથી મોટી ખાસિયત એ છે કે તેઓ સામાન્ય નાગરિક માટે હંમેશા સુલભ રહે છે. પોલીસ સ્ટેશનોમાં અરજદારો સાથે સન્માનપૂર્વક વર્તન થાય અને દરેક નાગરિકને ત્વરિત ન્યાય મળે તે તેમની પહેલી પ્રાથમિકતા છે.

તેમની આ સફર ગુજરાતના લાખો યુવાનો અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ છે કે જો મનમાં સંકલ્પ અને પ્રામાણિકતા હોય, તો કોઈ પણ ધ્યેય અશક્ય નથી. અમદાવાદ ઝોન-૫ ને ડૉ. જિતેન્દ્ર અગ્રવાલ જેવા સક્ષમ, ભણેલા-ગણેલા અને સંવેદનશીલ IPS અધિકારી મળવાથી સમગ્ર વિસ્તારમાં સુરક્ષા અને શાંતિનો માહોલ વધુ સુદ્રઢ બન્યો છે.

# સ્પેનના દરિયાકિનારે હજારો પ્રવાસીઓનો હંગામો, સરકારે કહ્યું 'નો એન્ટ્રી'



સ્પેનના ઉત્તરી આફ્રિકા સ્થિત વિસ્તાર સ્યુટામાં તાજેતરમાં ઘૂસણખોરી કરનારા સેંકડો પ્રવાસીઓએ રવિવારે શહેરના એક લોકપ્રિય સમુદ્ર કિનારે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ લોકોનો દાવો છે કે તેમને મોરોક્કો પાછા મોકલવાને બદલે સ્પેન સરકાર દ્વારા શરણ આપવામાં આવે. ઉલ્લેખનીય છે કે બે અઠવાડિયા પહેલા થયેલી મોટા પાયાની ઘૂસણખોરી બાદ હજુ પણ અંદાજે 5000થી 8000 જેટલા પ્રવાસીઓ સ્યુટામાં રોકાયેલા છે. આ ઘટના દરમિયાન માત્ર 80,000ની વસ્તી ધરાવતા આ નાનકડા વિસ્તારમાં 72,000થી વધુ લોકો પ્રવેશી ગયા હતા, જેમાંથી મોટાભાગના લોકો બાદમાં પોતાની મરજીથી પરત ફરી ગયા હતા. સમુદ્ર કિનારે બિસ્માર હાલતમાં રહેવા મજબૂર પ્રવાસીઓ શહેરના સંસાધનો પર ભારે દબાણ વધવાના કારણે મોટાભાગના પ્રવાસીઓ એલ ત્રામ્પોલિન બીચ અથવા શહેરના બહારના વિસ્તારોમાં અત્યંત ખરાબ પરિસ્થિતિમાં દિવસો વિતાવી રહ્યા છે. તેઓ યુરોપના મુખ્ય ભૂમિભાગ તરફ આગળ વધવાની તકની રાહ જોઈ રહ્યા છે. પ્રદર્શનકારીઓએ સ્પેનના ઝંડા અને બેનરો સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા, જેમાં તેમણે મોરોક્કો પરત ન જવાની અને માનવીય ધોરણે ઉકેલ લાવવાની અપીલ કરી હતી. સ્થાનિક પોલીસ તેમને શહેરના મુખ્ય વિસ્તારમાં પ્રવેશતા રોકી રહી છે. બીજી તરફ સ્પેન સરકારે આ મામલે કડક વલણ અપનાવ્યું છે. દેશના ગૃહમંત્રી ફર્નાન્ડો ગ્રાન્ડે-માર્લાસ્કાએ સ્પષ્ટ કર્યું છે કે જે પ્રવાસીઓ ગેરકાયદેસર રીતે પ્રવેશેલા છે, તેમને આ વિસ્તારમાં રહેવા, સ્પેનની મુખ્ય જમીન પર જવા કે કોઈ કાનૂની દરજ્જો મેળવવાની મંજૂરી આપવામાં આવશે નહીં. માત્ર અત્યંત અસુરક્ષિત અને વિશિષ્ટ કિસ્સાઓમાં જ અપવાદરૂપે છૂટછાટ મળી શકે છે. હાલમાં સ્યુટામાં અટવાયેલા પ્રવાસીઓ શરણની માંગ પર અડગ છે.

# 'દરરોજ 30-40 લોકોની હત્યા કરવી જોઈએ..', ઈઝરાયલના મંત્રી બેન ગ્વિરનું વિવાદિત નિવેદન

જેરુસલેમ

ઈઝરાયલના રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી ઈતામાર બેન-ગ્વિરે ગાઝામાં ઈઝરાયલી હુમલાઓને વધુ તીવ્ર બનાવવાની માંગ કરી છે. તેમણે જણાવ્યું છે કે ગાઝામાં દરરોજ રાત્રે 30થી 40 લોકોને મારી નાખવા જોઈએ. બેન-ગ્વિરે આ વિવાદાસ્પદ નિવેદન ગાઝાના પૂર્વ બંધક રોમ બ્રાસ્લાવસ્કી સાથેના એક પોડકાસ્ટ દરમિયાન આપ્યું હતું. આ સાથે તેમણે પીએમ નેતન્યાહૂ પર પણ નિશાન સાધતા કહ્યું હતું કે છેલ્લા કેટલાક દિવસોમાં ગાઝા પર ઈઝરાયલી હુમલામાં ઘટાડો થયો છે, જેની સાથે તેઓ બિલકુલ સહમત નથી. દરરોજ રાત્રે 30થી 40 લોકોને ખતમ કરવાની વકીલાત ઈતામાર બેન-ગ્વિરે પોડકાસ્ટમાં ખુલ્લેઆમ કહ્યું હતું કે, 'એ કોઈનાથી છૂપું નથી કે હું પીએમ સાથે સહમત નથી. મારું માનવું છે કે ગાઝામાં લક્ષિત હત્યાઓ (ટાર્ગેટેડ કિલિંગ) થવી જોઈએ અને દરરોજ રાત્રે 30થી 40 લોકોને ખતમ કરી દેવા જોઈએ.' ઈઝરાયલની કટ્ટર દક્ષિણપંથી રાજનીતિના મહત્ત્વના ચહેરા ગણાતા બેન-ગ્વિરના આ આકરા નિવેદનથી આંતરરાષ્ટ્રીય સ્તરે ફરી એકવાર મોટો વિવાદ ઊભો થયો છે. ઈઝરાયલી અધિકારીઓના આવા નિવેદનો અગાઉ પણ આંતરરાષ્ટ્રીય ન્યાયાલયમાં નરસંહારના આરોપોથી જોડાયેલી સુનાવણીમાં પુરાવા તરીકે રજૂ કરવામાં આવ્યા છે, જોકે ઈઝરાયલ આ આરોપોને સતત ફગાવતું રહ્યું છે. ઉલ્લેખનીય છે કે બેન-ગ્વિર પાસે ઈઝરાયલી સેનાને સીધો આદેશ આપવાનો અધિકાર નથી, પરંતુ તેઓ દેશની પોલીસ અને જેલ સેવાના વડા છે, જેના કારણે સુરક્ષા વ્યવસ્થાના એક મોટા ભાગ પર તેમનો પ્રભાવ છે. તેમણે ગાઝામાંથી પેલેસ્ટાઈનના લોકોના મોટા પાયે વિસ્થાપન અને ત્યાં ઈઝરાયલીઓને વસાવવાની પણ પૂરજોશ વકીલાત કરી છે. જોકે આંતરરાષ્ટ્રીય કાનૂની નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે આવી નીતિઓથી વંશીય સફાયા (એથનિક ક્લીન્સિંગ) જેવા ગંભીર આરોપો લાગી શકે છે. શાંતિ વાટાઘાટો વચ્ચે ગાઝા પર ઈઝરાયલના હુમલા યથાવત આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજનાને આગળ ધપાવવા માટે કૂટનીતિક પ્રયાસો ઝડપી બન્યા છે. ટ્રમ્પના દૂત જેરેડ કુશ્નર અને નિકોલાય મ્લાદેનોવે રવિવારે કાહિરામાં મિસર, કતાર અને તૂર્કિયેના મધ્યસ્થીઓ સાથે મુલાકાત કરી હતી, જેમાં હમાસના અધિકારીઓ પણ સામેલ હતા.



પાક્કો ગુજરાત

મંગળવાર | 18 ઓગસ્ટ 2026 | અમદાવાદ

# શ્રાવણ માસમાં ઝાલોદમાં શિવમય માહોલ : શ્રી શિવ મહાપુરાણ કથા મહોત્સવનું આયોજન

## ગીતા મંદિરથી ભવ્ય કળશ તથા પોથી યાત્રા સાથે કથા મહોત્સવનો પ્રારંભ, સાત દિવસ સુધી પ્રભુતા પાર્ટી પ્લોટ ખાતે ભાવિકો કરશે કથાશ્રવણ



ઝાલોદ, પંકજ પંડિત

શ્રાવણ માસના પવિત્ર અને શિવ આરાધનાના વિશેષ મહત્ત્વ ધરાવતા દિવસોમાં ઝાલોદ મહિલા સુંદરકાંડ મંડળ દ્વારા ધાર્મિક આસ્થા અને ભક્તિભાવના સાથે શ્રી શિવ મહાપુરાણ કથા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તા. 16 ઓગસ્ટ 2026, રવિવારથી 22 ઓગસ્ટ 2026, શનિવાર સુધી પ્રભુતા પાર્ટી પ્લોટ ખાતે યોજાનારા આ ધાર્મિક મહોત્સવમાં શ્રી શિવ મહાપુરાણની કથાનું રસપાન ભાવિક ભક્તોને કરાવવામાં આવશે.

આ કથા *પૂજ્ય ગુરુદેવ શ્રી વિષ્ણુકાંતજી મહારાજ (શ્રીધામ વૃંદાવન)*ના પાવન મુખેથી કરવામાં આવી રહી છે. દરરોજ બપોરે 2:00થી સાંજે 5:00 કલાક સુધી ભાવિક ભક્તો શિવ મહાપુરાણ કથાનું શ્રવણ કરી આધ્યાત્મિક લાભ મેળવશે. કથા મહોત્સવના પ્રથમ દિવસે ગીતા મંદિરથી ભવ્ય કળશ યાત્રા તથા પોથી યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રદ્ધાળુ મહિલાઓ સહિત મોટી સંખ્યામાં ભક્તો ધાર્મિક ભાવના સાથે યાત્રામાં જોડાયા હતા. ભજન-કીર્તન અને જયઘોષ સાથે નીકળેલી યાત્રાથી ઝાલોદમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું.

પવિત્ર પોથીને શોભાયાત્રા સ્વરૂપે કથા સ્થળે લઈ જવામાં આવી હતી અને વિધિવત પૂજન બાદ સાત દિવસીય શિવ મહાપુરાણ કથાનો પ્રારંભ કરવામાં આવ્યો.

શિવ મહાપુરાણ હિંદુ ધર્મના અઢાર મહાપુરાણોમાંનું એક મહત્વપૂર્ણ પુરાણ માનવામાં આવે છે. તેમાં ભગવાન મહાદેવની મહિમા, શિવ-પાર્વતી વિવાહ, ગણેશજી અને કાર્તિકેયજીના પ્રસંગો, શિવભક્તિ, જ્યોતિર્લિંગો, વ્રતો, પૂજા-ઉપાસના, ધર્મ, સદાચાર અને ભગવાન શિવના વિવિધ સ્વરૂપોનું વર્ણન મળે છે. પરંપરાગત રીતે વર્તમાન શિવપુરાણમાં આશરે 24,000 શ્લોક અને સાત સંહિતાઓ માનવામાં આવે છે.

શિવ મહાપુરાણની પરંપરાગત કથામાં જણાવ્યા મુજબ, પ્રારંભિક સ્વરૂપે શિવપુરાણ અત્યંત વિશાળ હતું. તેમાં 12 સંહિતાઓ અને કુલ એક લાખ શ્લોક હોવાનું વર્ણન મળે છે. આ 12 સંહિતાઓમાં વિદ્યેશ્વર, રુદ્ર, વૈનાયક, ઔમિક, માતૃ, રુદ્રૈકાદશ, કૈલાસ, શતરુદ્ર, સહસ્રકોટિરુદ્ર, કોટિરુદ્ર, વાયવીય અને ધર્મસંજ્ઞા સંહિતાનો સમાવેશ થતો હોવાનું શિવપુરાણમાં વર્ણન છે.

પરંપરા અનુસાર ભગવાન શિવ સાથે સંકળાયેલી આ દિવ્ય પુરાણકથાનું વિશાળ સ્વરૂપ વેદવ્યાસજીએ સંક્ષિપ્ત કરીને 24,000 શ્લોકમાં સાત સંહિતાઓના સ્વરૂપે રજૂ કર્યું હોવાનું શિવપુરાણના વર્ણનમાં જણાવવામાં આવ્યું છે.

# કપડવંજમાં એટીવીટી ગ્રાન્ટની ફાળવણીમાં અન્યાયનો આક્ષેપ

## વડાલી, વાસણા, શેલગઢ સહિતની પંચાયતોને હક્કની ગ્રાન્ટથી વંચિત રાખ્યાનો આક્ષેપ

ઘડિયા, દિપક પરમાર



કપડવંજ તાલુકામાં વર્ષ 2026-27 માટે એટીવીટી ગ્રાન્ટ હેઠળ વિકાસ કામોની ફાળવણીમાં અસમાનતા અને અન્યાય થતો હોવાના આક્ષેપ સાથે વિવિધ ગ્રામ પંચાયતોના સરપંચો તથા ગ્રામજનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી છે. આવેદનપત્રમાં વડાલી, લાખા ભગતના મુવાડા, વાસણા, શેલગઢ સહિતની ગ્રામ પંચાયતોને તેમની જરૂરિયાત અને હક્ક મુજબ વિકાસ કામોની ફાળવણી કરવામાં આવી ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. રજૂઆત મુજબ કેટલીક ગ્રામ પંચાયતોને એકપણ વિકાસ કામ ફાળવવામાં આવ્યું નથી, જ્યારે કેટલીક અન્ય પંચાયતોને પાંચથી વધુ કામો ફાળવવામાં આવ્યા છે.

સરપંચો અને ગ્રામજનોનો આક્ષેપ છે કે ફાળવણીમાં રહેલી આ અસમાનતાના કારણે ગ્રામ્ય વિસ્તારોના વિકાસમાં અસંતુલન સર્જાઈ રહ્યું છે. છેલ્લા ત્રણ વર્ષથી જિલ્લા પંચાયતના વિકાસ કામો તેમજ ધારાસભ્ય અને સાંસદ ગ્રાન્ટ હેઠળ પણ કપડવંજ તાલુકાની કેટલીક ગ્રામ પંચાયતોને વિકાસ કામોની ફાળવણીમાં સતત બાકાત રાખવામાં આવતી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ અંગે એટીવીટી હેઠળ કરવામાં આવેલા આયોજનની તાત્કાલિક સમીક્ષા કરી વડાલી, લાખા ભગતના મુવાડા, વાસણા, શેલગઢ સહિતની અસરગ્રસ્ત ગ્રામ પંચાયતોને યોગ્ય પ્રમાણમાં વિકાસ કામો અને ગ્રાન્ટ ફાળવવાની માંગ કરવામાં આવી છે.

જો સમગ્ર મામલે યોગ્ય તપાસ કરી ન્યાય આપવામાં નહીં આવે તો આગામી દિવસોમાં કપડવંજ પ્રાંત કચેરી ખાતે સરપંચો અને ગ્રામજનો દ્વારા ભૂખ હડતાળ પર બેસવાની ચીમકી આપવામાં આવી છે.

### ન્યુ જર્સી ખાતે યોજાયેલ સંત સંમેલનમાં

# પરમ પૂજ્ય જ્ઞાનમહોદધિ આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજને "વિશ્વ સત્સંગ સમ્રાટ" પદવીથી નવાજ્યા

વિરમગામ, (વંદના નીલકંઠ વાસુકિયા)



શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, શ્રી સ્વામિનારાયણ મંદિર, ન્યુ જર્સીના શ્રી ઘનશ્યામ મહારાજ રજત પ્રતિષ્ઠા મહોત્સવ, ન્યુ જર્સી ખાતે યોજાયેલ સંત સંમેલનમાં પધારેલા જગદ્ગુરુ કે જેઓ ભારતીય સંત સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ છે જેમાં ૧૨૫થી વધુ સંપ્રદાયોનું સંગઠન છે એવા અવિચળ દેવાચાર્યજી મહારાજ, મહામંડલેશ્વર પ્રતાપુરીજી મહારાજ - રાજસ્થાન, યોગાચાર્ય શ્રી અખિલેશદાસજી મહારાજ - હરિદ્વાર, મહામંડલેશ્વર શ્રી હરીશચંદ્રપુરીજી મહારાજ તથા બી.એ.પી.એસ સંસ્થાના પૂજનીય સંતોની ઉપસ્થિતિમાં પરમ પૂજ્ય જ્ઞાનમહોદધિ આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજને 'વિશ્વ સત્સંગ સમ્રાટ' પદવીથી નવાજ્યા હતા.

મહોત્સવમાં વૈવિધ્ય પૂર્ણ કાર્યક્રમોમાં શિબિરો, ભવ્ય અન્નકૂટ, આરતી, શાકોત્સવ, હિંડોળા ઉત્સવ, ભક્તિ નૃત્યો પાટોત્સવ વિધિ, ભક્તિ સંધ્યા, એકતાયાત્રા, ભગવાનને અભિષેક વિગેરે યોજાયા હતા. પરમ પૂજ્ય જ્ઞાનમહોદધિ આચાર્ય સ્વામીશ્રી મહારાજે આશિર્વાદમાં જણાવ્યું હતું કે, જે દેશમાં રહો તે દેશના નિયમોનું પાલન કરવું જોઈએ. મનુષ્ય સેવા, સત્સંગ, સંસ્કારના આભૂષણથી દીપી ઉઠે છે. ભારત, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, નાઈરોબી, દુબઈ, લંડન, બોલ્ટન વિગેરેના દેશોના હરિભક્તો મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રી સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળ, ન્યુ જર્સીના સભ્યો, હરિભક્તોએ, બહારથી પધારેલા દેશોના હરિભક્તોએ મહોત્સવ - સેવામાં સહકાર સંપન્ન થયો હતો. (માહિતી સૌજન્ય : મહંત સદ્ગુરુ શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામી)

# કારચાલકે કાવડ પદયાત્રીને ટક્કર મારતાં મોત : શંકર ભગવાનના દર્શને જતાં અમદાવાદના યુવકનું ચરેડી રોડ પર અકસ્માત, ચાલક ફરાર

ગાંધીનગર

શ્રાવણ મહિનાના પવિત્ર તહેવાર નિમિત્તે અમદાવાદથી માણસા નજીકના અમરાપુર ગામ ખાતેના શિવમંદિર કાવડ યાત્રામાં દર્શનાર્થે જઈ રહેલા પદયાત્રીને ગઈકાલે(16 ઓગસ્ટ) મોડી રાતે કારચાલક અડફેટે લઈને નાસી છૂટ્યો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ પદયાત્રીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજતા સેકટર 21 પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદના અમરાઈવાડીના શાસ્ત્રીનગર ખાતે રહેતા અને મજૂરી કામ કરતા મેવાલાલ છેદીલાલ સરોજે ફરિયાદ નોંધાવી છે. 34 વર્ષીય નાના ભાઈ અમીતકુમાર છેદીલાલ સરોજ શ્રાવણ મહિનમાં ગ્રૂપ સાથે પગપાળા કાવડ યાત્રામાં માણસાના અમરાપુરના શંકર ભગવાનના મંદિરે દર્શન કરવા માટે નીકળ્યો હતો. બધા પદયાત્રીઓ રાત્રિના આશરે 10 વાગ્યે ગાંધીનગર ચરેડી ચોકડી નજીકથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે કાળ બનીને આવેલી એક અજાણી ફોર વ્હીલર ગાડીના ચાલકે માનવ જિંદગી જોખમાય તે રીતે પૂરઝડપે ગાડી હંકારી અમીતને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત સર્જીને અજાણ્યો કારચાલક પોતાના વાહન સાથે ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. આ બનાવની જાણ થતાં જ સાથે રહેલા અન્ય પદયાત્રીઓએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને કોલ કર્યો હતો. 108ની ટીમે ગંભીર રીતે ઘવાયેલા અમીતને તાકીદે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

### બોટાદ 181 અભયમ, સ્થાનિક પોલીસ અને

# OSC સેન્ટરની ટીમના સંયુક્ત પ્રયાસોથી ગુમ થયેલ મહિલાનું તેના પરિવાર સાથે સફળ અને સુખદ પુન:મિલન કરાવ્યુ

સાળંગપુર, વિપુલ લુહાર



સાળંગપુર દાદા ના દર્શનાથે આવેલ એક મહિલા માટે 181 અભયમ ની ટીમ દેવદૂત સાબિત થઈ છે.અભયમ ટીમે માત્ર ગણતરીના કલાકોમાં જ મહિલાના પરિવારની ભાળ મેળવી તેમનું પરિવાર સાથે પુનઃમિલન કરાવી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. 181 અભયમ મહિલા હેલ્પલાઈન પર એક જાગૃત નાગરિકનો ફોન આવ્યો હતો કે,[સાળંગપુર માં ત્રણ રસ્તા આગળ હોટલ] પાસે એક મહિલા લાંબા સમયથી એકલા બેઠા છે અને એકલા એકલા અલગ ભાષામાં વાત કરે છે માનસિક અસ્વસ્થ હોઈ એવુ લાગે છે તો મદદ માટે 181 ટીમ ની જરૂર છે આ અંગેની જાણ થતા જ બોટાદ 181 અભયમ્ ટીમ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી અને ફરજ પરના કાઉન્સેલર પટેલ ખુશ્બુબેન,મહિલા કોન્સ્ટેબલ ઓળકિયા સોનલબેન અને પાયલોટ પરમાર નરેન્દ્રભાઈ સત્વરે ઘટના સ્થળે પહોંચીને 181 ની ટીમે જોયું કે મહિલા શારીરિક અને માનસિક તણાવને કારણે પોતાનું નામ કે સરનામું સ્પષ્ટ જણાવી શકતા ન હતા અભયમ ટીમે ખૂબ જ ધીરજપૂર્વક મહિલા સાથે વાતચીત કરી,તેમને પાણી-નાસ્તો કરાવી શાંત પાડ્યા હતા.સતત કાઉન્સેલિંગ દરમિયાન મહિલા એ પોતાનુ નામ,પરિવારના સભ્યોના નામ,અને સુરત જિલ્લાના માંડવી તાલુકા ના એક ગામમાં પરિવાર સાથે રહે છે એટલી જ વિગતો આપી હતી ટીમ દ્વારા મળેલ માહિતીના આધારે માંડવી તાલુકા ના વતની અને બોટાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારી પોલીસ કોન્સ્ટેબલ અમિતભાઈ ચૌધરી અને પાળીયાદ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારી A.S.I. વિપુલભાઈ ચૌધરી ની મદદથી સોશિયલ મીડિયા નો સહારો લીધો અને આસપાસના ગામોના વૉટ્સએપ ગ્રુપમાં માં મહિલાનો ફોટોગ્રાફર ઓળખ મેળવવા વાયરલ કરવામાં આવેલ,બરવાળા પોલીસ સ્ટેશનને પણ આ અંગે અવગત કરવામાં આવેલ આ કાર્ય પ્રક્રિયા કાર્યરત હતી તે દરમિયાન મહિલાની સુરક્ષા માટે તેઓને બોટાદના OSC સેન્ટર ખાતે આશ્રય પૂરો પાડવામાં આવ્યો.

# આણંદ અને વડોદરા ને જોડતો ઉમેટા બ્રિજ પર લાગશે સુરક્ષા જાળી, આણંદના સાંસદ મિતેશ પટેલે આપી બાંહેધરી

આણંદ, અરવિંદસિંહ પઢિયાર

ઉમેટા બ્રિજ પરથી વધતા આત્મહત્યાના બનાવોને લઈ આણંદ જિલ્લા સાંસદ મિતેશભાઈ પટેલે ગંભીરતા દાખવી ઉમેટા બ્રિજની મુલાકાત લીધી હતી.



બ્રિજ પર વારંવાર બનતા આત્મહત્યાના બનાવોને અટકાવવા માટે સુરક્ષા જાળી લગાવવાની લાંબા સમયથી થઈ રહેલી માંગને લઈને સાંસદ મિતેશભાઈ પટેલે સ્થળ પર પહોંચીને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન સાંસદે વડોદરા અને આણંદ જિલ્લાના સંબંધિત તંત્ર સાથે વાતચીત કરી હતી. બ્રિજ પર સુરક્ષા જાળી લગાવવાની કામગીરી માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે તેવી બાંહેધરી પણ આપવામાં આવી હતી. ઉમેટા બ્રિજ પર સુરક્ષા વ્યવસ્થા ઊભી થતાં આત્મહત્યાના બનાવો અટકાવવામાં મદદ મળશે તેવી આશા સ્થાનિકોમાં જોવા મળી રહી છે. લાંબા સમયથી સુરક્ષા જાળી લગાવવાની માંગ કરી રહેલા સ્થાનિકો માટે સાંસદની મુલાકાત મહત્વપૂર્ણ બની રહી છે.

### છેલ્લા એક વર્ષથી વધુ સમયથી


# બોડેલી અને રંગપુર પોલીસ સ્ટેશનના પ્રોહિબિશન કેસમાં ફરાર આરોપી MPથી ઝડપાયો

## દરમિયાન LCB સ્ટાફ છોટાઉદેપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો ત્યારે મળેલી બાતમીના આધારે ડોન બોસ્કો સ્કૂલ નજીક વોચ ગોઠવવામાં આવી હતી

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

બોડેલી તથા રંગપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશનના બે ગુનામાં છેલ્લા એક વર્ષથી વધુ સમયથી નાસતો-ફરતો રાજ્ય બહારનો આરોપી છોટાઉદેપુર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. છોટાઉદેપુર જિલ્લામાં નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી રહી હતી. આ દરમિયાન LCB સ્ટાફ છોટાઉદેપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો ત્યારે મળેલી બાતમીના આધારે ડોન બોસ્કો સ્કૂલ નજીક વોચ ગોઠવવામાં આવી હતી. બાતમીના આધારે પોલીસે વર્ણન મુજબના એક શખ્સને કોર્ડન કરી ઝડપી લીધો હતો. પૂછપરછ દરમિયાન તેનું નામ રાકેશભાઈ રતનસિંહ ઉર્ફે રતુડીયાભાઈ તોમર (ચૌહાણ), ઉંમર 28 વર્ષ, રહે. મોટીવડોઈ પટેલ ફળિયું, તા. કઠીવાડા, જી. અલીરાજપુર, મધ્યપ્રદેશ હોવાનું સામે આવ્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ, આરોપી વિરુદ્ધ બોડેલી પોલીસ સ્ટેશનમાં વર્ષ 2025માં પ્રોહિબિશનનો કેસ તથા રંગપુર પોલીસ સ્ટેશનમાં વર્ષ 2026માં પ્રોહિબિશન સહિત BNSની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. બંને કેસમાં આરોપી પોલીસ પકડથી દૂર રહેતો હતો. પૂછપરછમાં આરોપીએ જણાવ્યું હોવાનું પોલીસે જણાવ્યું કે, બોડેલી વિસ્તારમાં દારૂની ગાડી ઝડપાયા બાદ અને ત્યારબાદ રંગપુર વિસ્તારમાં પણ દારૂની ગાડી ઝડપાતા તેનું નામ સામે આવ્યું હતું. પોલીસ ઘરે તપાસ માટે આવતી હોવાથી તે ઈન્દોર તરફ મજૂરી કામ માટે જતો રહ્યો હતો અને ત્યારથી પોલીસ પકડથી દૂર હતો. પકડાયેલ આરોપી સામેની ગુનાની વિગતો: 1. બોડેલી પોલીસ સ્ટેશન: સી. પાર્ટ ગુ.ર.નં. 11184008250611/2025, પ્રોહિબિશન કલમ 65(A)(E), 98(2), 81, 83, 116(B) મુજબનો દારૂનો કેસ. 2. રંગપુર પોલીસ સ્ટેશન: સી. પાર્ટ ગુ.ર.નં. 111840071260419/2026, પ્રોહિબિશન કલમ 65(A)(E), 98(2), 81, 83, 116(B) તથા BNS કલમ 111(2)(B), 111(3), 111(4) મુજબનો દારૂનો કેસ. પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સમગ્ર કામગીરી છોટાઉદેપુર લોકલ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એફ. ડામોરની સૂચના હેઠળ LCB સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# બોટાદ શહેરમાંથી SOG પોલીસે 1.149 કીલોગ્રામ સુકો ભેજયુક્ત ગાંજા સાથે ઇસમને ઝડપી પાડ્યો



બોટાદ, વિપુલ લુહાર

બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્માની સુચના અને માર્ગદર્શન હેઠળ બોટાદ જિલ્લા SOGના ઈન્ચાર્જ PI પી.જી. ડાવરા,PSI એ.એમ.રાવલ તેમજ દિલીપસિંહ ટાંક,યુવરાજસિંહ પરમાર,જામસંગભાઈ ડોડીયા,યોગેન્દ્રસિંહ સરવૈયા સહિતના પોલીસ સ્ટાફ ના માણસોએ બોટાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બોટાદ શહેરમાં ભાવનગર રોડ પર આવેલ પંચપીરની દરગાહ પાસે રહેણાક મકાનમાં બાતમીના આધારે રેડ 1.149 કિલોગ્રામ સુકો ભેજ યુક્ત ગાંજો રૂ.57,450,એક મોબાઈલ ફોન રૂ.10,000,રોકડા રૂ.1400 સહિત કુલ-68,850 નો મુદ્દામાલ જપ્ત કરી સોહીલ ફીરોજભાઈ સિપાઈ નામના ઈસમ ને સુકો ભેજ યુક્ત ગાંજા સાથે SOG પોલીસે ઝડપી લઈ ગુન્હો નોંધી આગળની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### હોસ્પિટલમાં સારવાર બાદ સાંજે વાહન ન મળતાં ભારે હાલાકી

# ઝગડિયાના રાજપારડીથી જીએમડીસી તરફ જતો માર્ગ કાદવ-કીચડના સામ્રાજ્ય વચ્ચે અત્યંત જોખમી બન્યો


રાજપારડી, ઈરફાન ખત્રી





ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાનો અત્યંત મહત્વપૂર્ણ એવો રાજપારડીથી GMDC તરફ જતો મુખ્ય માર્ગ હાલ તંત્રની ઘોર ઉપેક્ષા અને લાપરવાહીને કારણે રસ્તાને બદલે કાદવ-કીચડના દલદલમાં ફેરવાઈ ચૂક્યો છે. માર્ગ પરથી દૈનિક ધોરણે પસાર થતાં લિગ્નાઈટ અને ખનિજ સંપત્તિ ભરેલા ભારે ઓવરલોડ ડમ્પરોના અવિરત ધસારા તેમજ વરસાદી પાણીના કારણે ડામરનું નામોનિશાન મટી ગયું છે અને સર્વત્ર કમર સુધીના ચીકણા કાદવ અને પાણી ભરેલા મસમોટા ખાડાઓનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. ભારે વાહનોના ટાયરોના ઊંડા ખાંચા અને ચીકણી માટીના કારણે નાના ચાર પૈડાંવાળા વાહનો અને બાઈકચાલકો અધવચ્ચે ફસાઈ જતાં અકસ્માતોની વણઝાર સર્જાઈ રહી છે, જેના પગલે સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે રોષ ભભૂકી રહ્યો છે. સૌથી વધુ ચિંતાજનક અને કરુણ બાબત એ છે કે આ જ બિસ્માર માર્ગ પર સરકારી હોસ્પિટલ આવેલી છે, જ્યાં આસપાસના ગ્રામીણ વિસ્તારોમાંથી સેંકડો ગરીબ અને સામાન્ય દર્દીઓ સારવાર અર્થે આવે છે. રસ્તાની આવી બદતર અને જોખમી હાલતને કારણે કોઈ પણ ખાનગી વાહનચાલક કે ઓટો રિક્ષાવાળા અહીં આવવા તૈયાર થતા નથી. કટોકટીના સમયે દર્દીઓને હોસ્પિટલ પહોંચાડવા અતિ મુશ્કેલ બની જાય છે, તો બીજી તરફ હોસ્પિટલમાંથી સાંજના સમયે સારવાર બાદ રજા મળતાં દર્દીઓ અને તેમના સગાં-સંબંધીઓ માટે ઘરે પરત ફરવા કોઈ વાહન ન મળતાં કલાકો સુધી રઝળપાટ કરવાનો વારો આવે છે. લાચાર દર્દીઓ અને સગર્ભા મહિલાઓએ આ કાદવ-કીચડ અને ખાડાવાળા રસ્તેથી જીવના જોખમે પસાર થવું પડે છે.

સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં નિંભર તંત્રના પેટનું પાણી હલતું નથી, ત્યારે લોકોએ રોષભેર ચીમકી ઉચ્ચારી છે કે જો તાત્કાલિક ધોરણે આ માર્ગનું કાયમી સમારકામ કરી અવરજવર યોગ્ય નહીં બનાવવામાં આવે તો ગ્રામજનો સાથે મળીને ઉગ્ર આંદોલન અને ચક્કાજામ કરશે.



## એક વર્ષથી માનસિક અને શારીરિક બીમારીથી પીડાતી હતી

# બોલીવુડની જાણીતી અભિનેત્રી અનન્યા રાજનું 27 વર્ષની વયે નિધન

મુંબઈ

હિન્દી અને તેલુગુ ફિલ્મમાં કામ કરી ચૂકેલી જાણીતી અભિનેત્રી અનન્યા રાજનું માત્ર 27 વર્ષની વયે નિધન થતાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. '7 અવર્સ ટુ ગો', 'ધ ફાઈનલ એક્ઝિટ' અને 'ઘોસ્ટ' જેવી ફિલ્મોમાં કામ કરી ચૂકેલી અનન્યાએ 15 જુલાઈની વહેલી સવારે ઊંઘમાં જ અંતિમ શ્વાસ લીધા હતા. જોકે, તેના પરિવાર દ્વારા એક મહિના બાદ સોશિયલ મીડિયા પોસ્ટ મારફતે તેમના નિધનની માહિતી જાહેર કરવામાં આવ્યા પછી સૌને આશ્ચર્ય થયું હતું. અનન્યાના પરિવારે તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ભાવુક પોસ્ટ શેર કરીને જણાવ્યું હતું કે અભિનેત્રી છેલ્લા એક વર્ષથી વધુ સમયથી શારીરિક અને માનસિક તકલીફોનો સામનો કરી રહી હતી. પરિવારે જણાવ્યું હતું કે અનન્યાએ આ મુશ્કેલ સમયમાંથી બહાર આવવા માટે એક યોદ્ધાની જેમ સંઘર્ષ કર્યો હતો. જોકે, પરિવાર દ્વારા તેમની ચોક્કસ તકલીફ શું હતી અથવા તેમના નિધનનું ચોક્કસ કારણ શું હતું તે અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી. પરિવારે પોસ્ટમાં જણાવ્યું હતું કે, અત્યંત દુઃખ સાથે અનન્યાના નિધનની જાણકારી આપી રહ્યા છીએ. 15 જુલાઈની વહેલી સવારે અનન્યાએ ઊંઘમાં જ શાંતિપૂર્વક અંતિમ શ્વાસ લીધા હતા. છેલ્લા એક વર્ષથી વધુ સમયથી તે શારીરિક અને માનસિક મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહી હતી અને તેમાંથી બહાર આવવા માટે તેણે સતત સંઘર્ષ કર્યો હતો. અનન્યાના નિધનની જાણકારી લગભગ એક મહિના બાદ સામે આવતા તેમના ચાહકો અને ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા લોકોને પણ આઘાત લાગ્યો છે. 27 વર્ષની નાની ઉંમરે અભિનેત્રીના અવસાનથી તેમના પરિવાર, મિત્રો અને ચાહકોમાં શોકની લાગણી છે.અનન્યા રાજે વર્ષ 2016માં ફિલ્મ '7 અવર્સ ટુ ગો'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. ત્યાર બાદ વર્ષ 2017માં તેઓ 'ધ ફાઈનલ એક્ઝિટ'માં જોવા મળી હતી. બાદમાં તેમણે 'ઘોસ્ટ' સહિતની ફિલ્મોમાં પણ અભિનય કર્યો હતો. હિન્દી ફિલ્મો ઉપરાંત અનન્યાએ દક્ષિણ ભારતીય ફિલ્મોમાં પણ કામ કર્યું હતું. તેણે તેલુગુ ફિલ્મમાં પણ અભિનય કર્યો હતો, જેમાં તેમની સામે અભિનેતા નવીન ચંદ્ર જોવા મળ્યા હતા.

**અનન્યા ત્રણ ભાષામાં બનેલી ફિલ્મ 'મદ્રાસી ગેંગ'માં પણ જોવા મળી હતી. અનેક મ્યુઝિક વીડિયોમાં પણ કામ કર્યું**

# ગોવિંદા-સુનિતાના વિવાદમાં સોમી અલીની એન્ટ્રી

## ગોવિંદા અને પત્ની વચ્ચેના વિવાદમાં સલમાન ખાનની એક્સ ગર્લફ્રેન્ડએ ગોવિંદાને ટેકો આપ્યો



મુંબઈ


૯૦ના દાયકાના સુપરસ્ટાર ગોવિંદા અને તેમના પત્ની સુનીતા આહૂજા વચ્ચેનો વિવાદ ફરી એકવાર વકર્યો છે. સુનીતા અવારનવાર જાહેર મંચ પરથી પતિના એક્સ્ટ્રા મેરિટલ અફેર્સ અને તેમની કરતાં નાની ઉંમરની અભિનેત્રીઓ સાથે કામ કરવા અંગે સવાલો ઉઠાવી રહ્યા છે. સુનીતાએ અનેક વખત ગોવિંદા પર આકરા પ્રહારો કર્યા હતા, જે બાદ વળતો પ્રહાર કરતા ગોવિંદાએ પણ સુનીતાને પોતાની મર્યાદામાં રહેવા જણાવ્યું હતું. હવે ગોવિંદાના ચારિત્ર્ય સામે સવાલો ઊભા થતાં સલમાન ખાનની એક્સ ગર્લફ્રેન્ડ સોમી અલી તેમના સપોર્ટમાં આગળ આવી છે. ગોવિંદાના સપોર્ટમાં શું બોલી સોમી? સોમી અલીએ પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર ગોવિંદા સાથેના પોતાના અનેક થ્રોબેક ફોટોઝનો એક કોલાજ શેર કર્યો છે. આ સાથે જ તેણે ગોવિંદાના સપોર્ટમાં એક લાંબી પોસ્ટ પણ લખી છે. ગોવિંદાની પ્રશંસા કરતા સોમી અલીએ લખ્યું કે, 'હું અહીં મારો પક્ષ મૂકી રહી છું, કારણ કે બીજું કોઈ આમ નહીં કરે. લોકો જરૂરિયાતના સમયે સમર્થન નથી આપતા. હું ગોવિંદાને પર્સનલી અને પ્રોફેન્શલી બંને રીતે જાણું છું, તેથી હું તેમના વિશે બંને પાસાઓને ધ્યાનમાં રાખીને વાત કરી શકું છું.' સોમી અલીએ આગળ કહ્યું કે, ચીચી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સૌથી મહાન અને ટેલેન્ટેડ સ્ટારમાંથી એક છે. ઈન્ડસ્ટ્રીમાં વિતાવેલા મારા સમય દરમિયાન હું જેટલા પણ કલાકારોને મળી છું, તેમાં ગોવિંદા સૌથી નમ્ર અભિનેતાઓ પૈકીના એક છે. હું ચીચી અને સુનીતા બંનેનું ખૂબ સન્માન કરું છું. જોકે, કોઈ કલાકાર પોતાની કરતાં નાની ઉંમરની અભિનેત્રી સાથે રોલ સ્વીકારે તેમાં ઉંમર સાથે જોડાયેલો કોઈ ભેદભાવ હોવો જોઈએ નહીં. ટેલેન્ટની કોઈ એક્સપાયરી ડેટ નથી હોતી.

# દિવ્યા ખોસલા કુમારે મધદરિયે બોટ ચલાવી, બોલ્ડ ફોટો શેર કર્યા


## ફાલ્ગુની પાઠકના ગીત 'ઐયો રામા'થી ઓળખ મેળવનારી એક્ટ્રેસ અને ટી-સિરીઝના માલિકની પત્ની તેના બોલ્ડ લુકના કારણે ચર્ચામાં

મુંબઈ

ફાલ્ગુની પાઠકના ગીત 'ઐયો રામા'થી ઓળખ મેળવનારી એક્ટ્રેસ અને ટી-સિરીઝના માલિક ભૂષણ કુમારની પત્ની દિવ્યા ખોસલા કુમાર તેના બોલ્ડ લુકના કારણે ચર્ચામાં છે.



દિવ્યા ખોસલા કુમારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર બીચ વેકેશનના કેટલાક ફોટો શેર કર્યા છે. આ ફોટો જોઈને ચાહકો તેના બોલ્ડ લુકના વખાણ કરી રહ્યા છે. દિવ્યાએ પોતાને 'વોટર બેબી' ગણાવી ફોટોમાં દિવ્યા મધદરિયે બોટ ચલાવતી જોવા મળી રહી છે. તો કેટલાક ફોટોમાં તે કિલર પોઝ આપતી જોવા મળી રહી છે. ફોટો શેર કરતા દિવ્યાએ પોતાને 'વોટર બેબી' ગણાવી. નોંધનીય છે કે, 39 વર્ષની દિવ્યા ખોસલા કુમારે મ્યુઝિક વીડિયો ઉપરાંત ફિલ્મોમાં પણ કામ કર્યું છે. તેણે 2004માં મલ્ટી સ્ટારર ફિલ્મ 'અબ તુમ્હારે હવાલે વતન સાથીઓ'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. તે 'યારિયાં', 'સત્યમેવ જયતે-2' 'સાવી' સહિતની ફિલ્મોમાં મહત્ત્વની ભૂમિકા ભજવી ચૂકી છે. દિવ્યા ખોસલા કુમાર ઘણા મ્યુઝિક વીડિયોમાં કામ કર્યું છે. પડદાંની ઉપર પોતાની સુંદરતાનો જાદુ પાથરવા ઉપરાંત દિવ્યા પડદા પાછળ પણ ઘણી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેણે 'યારિયાં' ફિલ્મથી ડિરેક્ટોરિયલ ડેબ્યૂ કર્યું હતું. બાદમાં તેણે 'સનમ રે' પણ ડિરેક્ટ કરી હતી.





# ઈન્સાનિયતને બચાવવા હવે રણવીરસિંહ ઊતરશે મેદાને

## બોલિવૂડમાં હવે એક એવી ફિલ્મ આવી રહી છે જે દુનિયા ખતમ થવાની સ્થિતિ પર સ્કિન પર એક અલગ માહોલ દેખાડવાની છે

મુંબઈ

બોલિવૂડમાં હવે એક એવી ફિલ્મ આવી રહી છે જે દુનિયા ખતમ થવાની સ્થિતિ પર સ્ક્રિન પર એક અલગ માહોલ દેખાડવાની છે. આ ફિલ્મનું નામ 'પ્રલય'હોવાનું જાણવા મળ્યું છે. આ ફિલ્મનું ટિઝર આવ્યું નથી છતાં ફિલ્મ જોરશોરથી ચર્ચામાં છે. આ એક એક્શન, થ્રિલ અને ડ્રામાથી ભરપૂર હોવાનું જાણવા મળ્યું છે. આ ફિલ્મમાં થીમ અને ટાર્ગેટ માણસાઈને બચાવવાનો છે. આ ફિલ્મનું શુટિંગ શરૂ થઈ ચૂક્યું છે. આ ફિલ્મમાં એક એવી દુનિયા બતાવવામાં આવી છે કે, જ્યાં સ્થિતિ ધીમે ધીમે બગડી રહી છે. સ્થિતિ બેકાબુ બની રહી છે. વ્યક્તિ પોતાના અસ્તિત્વની લડાઈ કરે છે. અસ્તિત્વ બચાવવા પડકારો ઊભા થાય છે. આ ફિલ્મને ખૂબ જ હાઈસ્કેલ પર તૈયાર કરવામાં આવી રહી છે. ફિલ્મમાં રણવીરસિંહ લીડ રોલમાં છે. આ માટે રણવીરસિંહે ખૂબ જ મહેનત કરી છે. ખાસ કરીને આ ફિલ્મમાં રણવીરે પોતાના લૂક પર ખાસ ધ્યાન આપ્યું છે. આ ફિલ્મમાં રણવીર માત્ર એક એક્ટર જ નહીં, આ ફિલ્મને તે પ્રોડ્યુસ પણ કરી રહ્યો છે. આ ફિલ્મને લઈને તેણે પોતાની બોડી લેંગ્વેજ ઉપર પણ ખાસ કામ કર્યું છે. આ ફિલ્મમાં તેની સાથે કલ્યાણી પ્રિયદર્શની સ્ક્રિન શૅર કરી રહી છે. આ સમગ્ર ફિલ્મનું ડાયરેક્શન જય મહેતા કરી રહ્યા છે જેને 'સ્કેમ 1992' અને 'લૂટેરે' જેવી ફિલ્મો બનાવી છે. એક્શન સિક્વન્સ સાથે ઈમોશન્સ પણ આ ફિલ્મમાં સ્પષ્ટ જોવા મળશે. આ ફિલ્મમાં ટાર્ગેટ માત્ર દુનિયાને બચાવવાનો જ નહીં પણ મુશ્કેલીના સમયમાં પોતાના નજીકના લોકોને બચાવવાનો પણ રહ્યો છે. 'પ્રલય' ફિલ્મનું શુટિંગ શરૂ થઈ ચૂક્યું છે. મુંબઈ અને તેની આસપાસના લોકેશન પર આ ફિલ્મનું શુટિંગ ચાલુ છે. ફિલ્મ માટે બીજા કેટલાક પ્રોડક્શન હાઉસ તથા વિદેશના બીજા કેટલાક ટેક્નિકલ એક્સપર્ટ પણ આ પ્રોજેક્ટ સાથે જોડાઈ શકે છે. શુટિંગ શરૂ થતાની સાથે જ રણવીરસિંહ આ ફિલ્મ પર ખૂબ ફોક્સ કરી રહ્યો છે.

# ઇમરાન હાશ્મીની ફિલ્મ 'આવારાપન 2' એ 3 દિવસમાં કરી અધધ કમાણી, 'બટવારા 1947' પાછળ રહી ગઈ

મુંબઈ

મુંબઈ: બોલિવુડ એક્ટર ઈમરાન હાશ્મીની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'આવારાપન 2' એ સ્વતંત્રતા દિવસના લોંગ વીકેન્ડનો ભરપૂર ફાયદો ઉઠાવતા બોક્સ ઓફિસ પર તાબડતોબ કમાણી કરી છે. વર્ષ 2007માં આવેલી આ ફિલ્મનો પહેલો પાર્ટ ભલે બોક્સ ઓફિસ પર સફળ ન રહ્યો હોય, પરંતુ તેના સંગીત અને શાનદાર સ્ટોરીલાઈનને કારણે સમય જતાં તે એક કલ્ટ ક્લાસિક ફિલ્મ બની ગઈ હતી. હવે તેના સિક્વલને લઈને દર્શકોમાં રહેલો ભારે ઉત્સાહ કમાણીના આંકડાઓમાં સ્પષ્ટ દેખાઈ રહ્યા છે.

નોંધનીય છે કે, ફિલ્મ 'આવારાપન 2' એ રિલીઝના પહેલા જ દિવસે 'આવારાપન'ના લાઈફટાઈમ કલેક્શનનો રેકોર્ડ તોડી નાખ્યો હતો. 'આવારાપન 2'નું ઓપનિંગ વીકેન્ડ કલેક્શન કેટલું થયું? કમાણીના આંકડાની વાત કરવામાં આવે તો, પહેલો દિવસએ આ ફિલ્મે દેશભરમાં 9,033 શો સાથે રૂપિયા 22.00 કરોડનું શાનદાર ઓપનિંગ મેળવ્યું હતું. તે પછી બીજા દિવસે 55% ના જંગી ઉછાળા સાથે ફિલ્મે રૂપિયા 33.75 કરોડની કમાણી કરી હતી. દર્શકો ભીડ થિયેટર તરફ વધી રહી હોવાથી શોની સંખ્યા વધારીને 10,496 કરવામાં આવી હતી. જો કે, ત્રીજો દિવસે રવિવારે શોની સંખ્યા ઘટીને 9,403 થતાં કમાણીમાં આંશિક ઘટાડો જોવા મળ્યો હતો, છતાં પણ ફિલ્મે રૂપિયા 26 કરોડનો વેપાર કર્યો હતો.

આ સાથે જ ભારતમાં ફિલ્મનું કુલ નેટ કલેક્શન રૂપિયા 81.75 કરોડ અને ગ્રોસ કલેક્શન રૂપિયા 98.10 કરોડ થઈ ગયું છે. ફિલ્મ હવે ભારતમાં રૂપિયા 100 કરોડના ગ્રોસ કલેક્શન ક્લબમાં સામેલ થવાથી માત્ર રૂપિયા 1.90 કરોડ દૂર છે, જે આજના દિવસે પૂર્ણ થઈ જશે. આ શાનદાર પ્રદર્શન સાથે 'આવારાપન 2' વર્ષ 2026ની બોલિવૂડની ટોચની સફળ ફિલ્મોની યાદીમાં સામેલ થઈ ગઈ છે.



### ખરાબ હવામાનના લીધે ત્રીજા દિવસે વહેલા સ્ટમ્પ્સ જાહેર થયા

# ભારતને 178 રનની લીડ મળી, શ્રીલંકા 284 રનમાં ઓલઆઉટ

મુંબઈ

ગૉલ ટેસ્ટના ત્રીજા દિવસે શ્રીલંકા પહેલી ઈનિંગ્સમાં 284 રન પર ઓલઆઉટ થઈ. આ સાથે જ ભારતને પહેલી ઈનિંગ્સમાં 178 રનની લીડ મળી. ભારતે પહેલી ઈનિંગ્સમાં 462 રન બનાવ્યા હતા. ખરાબ હવામાનના કારણે અમ્પાયર્સે દિવસની રમત સમયસર પહેલાં પૂરી કરી દીધી. આવતીકાલે ચોથો દિવસ 9:45 વાગ્યાથી શરૂ થશે. શ્રીલંકા તરફથી સોનલ દિનૂષાએ 100 રનની ઈનિંગ્સ રમી. તેણે 4 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકાર્યા. તો બીજી તરફ, નિરોશન ડિકવેલાએ 80 રન બનાવ્યા. બંનેએ છઠ્ઠી વિકેટ માટે 146 રનની ભાગીદારી કરી. ટીમ ઈન્ડિયા તરફથી



માનવ સુથારે 4 વિકેટ લીધી. રવીન્દ્ર જાડેજાને 3 વિકેટ મળી. તેણે ટેસ્ટ ક્રિકેટમાં પોતાની 350 વિકેટ પણ પૂરી કરી. કુલદીપ યાદવ, મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ ક્રિષ્નાએ 1-1 વિકેટ લીધી. આ પહેલા ભારતે ટૉસ જીતીને બેટિંગ લીધી હતી. દેવદત્ત પડિકલે 167 રનની ઈનિંગ્સ રમી. કેએલ રાહુલે 82 અને ધ્રુવ જુરેલે 51 રન બનાવ્યા. ગૉલમાં હવામાન ખરાબ હોવાના કારણે ત્રીજા દિવસની રમત સમયસર પહેલાં પૂરી કરી દેવામાં આવી. આકાશમાં ઘેરા વાદળો થયા અને તેજ પવન સાથે વરસાદની આશંકા બાદ અમ્પાયર્સે સ્ટમ્પસ જાહેર કરી દીધા. ચોથા દિવસે રમત સવારે 9:45 વાગ્યે શરૂ થશે. શ્રીલંકાની પહેલી ઈનિંગ્સ 284 રન પર ઓલઆઉટ થઈ ગઈ. માનવ સુથારે લાહિરુ કુમારાને 10 રન પર સ્ટમ્પિંગ કરાવીને શ્રીલંકાની ઈનિંગ્સ સમાપ્ત કરી. કુમારાએ શોટ રમવા માટે ક્રિઝમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કર્યો, પણ બોલ મિસ કરી ગયો. વિકેટકીપર રિષભ પંતે કોઈ ભૂલ ન કરી અને બેઈલ્સ ઉડાડી દીધી. આ માનવની ઈનિંગ્સમાં ચોથી વિકેટ રહી.

## માન્ચેસ્ટર સુપર જાયન્ટ્સ પહેલીવાર ધ હન્ડ્રેડ ચેમ્પિયન: ટ્રેન્ટ રોકેટ્સને 5 વિકેટે હરાવ્યું

નવી દિલ્હી

માન્ચેસ્ટર સુપર જાયન્ટ્સે પહેલીવાર 'ધ હન્ડ્રેડ' મેન્સ કોમ્પિટિશનનો ખિતાબ જીતી લીધો. લોર્ડ્સમાં રમાયેલી ફાઈનલમાં ટીમે ટ્રેન્ટ રોકેટ્સના 158 રનના ટાર્ગેટને 19.3 બોલમાં 5 વિકેટ ગુમાવીને ચેઝ કરી લીધો. ટિમ સેફર્ટે 38 બોલમાં 72 રનની ઈનિંગ રમીને જીતનો પાયો નાખ્યો. જ્યારે લિયમ ડોસને છેલ્લા બોલે છગ્ગો ફટકારીને ટીમને ચેમ્પિયન બનાવી દીધી. સેફર્ટે 38 બોલમાં 72 રન બનાવ્યા માન્ચેસ્ટરની જીતમાં ન્યૂઝીલેન્ડનો ટિમ સેફર્ટ સૌથી મોટા હીરો રહ્યો. તેણે 38 બોલમાં 72 રન બનાવ્યા. ઈનિંગમાં 7 છગ્ગા અને 4 ચોગ્ગા સામેલ હતા. સેફર્ટે માત્ર 23 બોલમાં ફિફ્ટી પૂરી કરી લીધી હતી. તેણે પોલ વોલ્ટર સાથે પહેલી વિકેટ માટે ઝડપી શરૂઆત કરીને ટીમને મજબૂત સ્થિતિમાં પહોંચાડી. સેફર્ટ આઉટ થયા બાદ મેન્ચેસ્ટરનો સ્કોર 23 બોલ બાકી રહેતા 136 રન હતો અને જીત માટે 23 રન જોઈતા હતા. ત્યારબાદ ટ્રેન્ટ રોકેટ્સએ કમબેક કરવાનો પ્રયાસ કર્યો. મોહમ્મદ આમિરે સતત બોલ પર હેનરિક ક્લાસેન અને માઈકલ બ્રેસવેલને આઉટ કર્યા. માન્ચેસ્ટરને છેલ્લા 3 બોલમાં 3 રન જોઈતા હતા. બેન સેન્ડરસનના આગામી બે બોલ પર રન બન્યા નહીં. ત્યારબાદ લિયામ ડોસને ત્રીજા બોલ પર મિડ-વિકેટ ઉપરથી છગ્ગો ફટકારી મેચ પૂરી કરી.

### સિંધુ પાસે છઠ્ઠો મેડલ જીતવાની તક છે

## બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપ શરૂ: ભારત 17 વર્ષ પછી યજમાની કરી રહ્યું છે

મુંબઈ

નવી દિલ્હીમાં આજથી બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપ શરૂ થઈ રહી છે. ભારત 17 વર્ષ પછી આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટની યજમાની કરી રહ્યું છે. 23 ઑગસ્ટ સુધી ચાલનારી આ ટુર્નામેન્ટની મેચો ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમમાં રમાશે. 7 દિવસ ચાલનારી આ ટુર્નામેન્ટમાં પીવી સિંધુ પાસે પોતાનો છઠ્ઠો મેડલ જીતવાની તક છે. જ્યારે, સાત્વિક-ચિરાગ સતત બીજી વખત મેડલ જીતવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. બેડમિન્ટનની સૌથી મોટી ટુર્નામેન્ટ છે. જે ઓલિમ્પિક વર્ષ સિવાય દર વર્ષે યોજાય છે. તેનું આયોજન બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF) કરે છે. અહીં



જીતનાર ખેલાડીને પોતાની ઈવેન્ટનો વર્લ્ડ ચેમ્પિયન માનવામાં આવે છે.

પહેલીવાર વર્લ્ડ ચેમ્પિયનશીપ 1977માં સ્વીડનમાં યોજાઈ હતી. શરૂઆતમાં તે દર ત્રણ વર્ષે યોજાતી હતી. 1983 પછી તે 2 વર્ષના અંતરે યોજાવવા લાગી. 2005થી તે ઓલિમ્પિક વર્ષ સિવાય દર વર્ષે આયોજિત કરવામાં આવે છે. નવી દિલ્હીમાં આ ચેમ્પિયનશીપની 30મી સીઝન છે. છેલ્લું આયોજન 2025માં પેરિસમાં થયું હતું. ડેનમાર્કે સૌથી વધુ 5 વખત આ ટુર્નામેન્ટની યજમાની કરી છે. સ્પેન, ચીન, ઈન્ડોનેશિયા અને ઈંગ્લેન્ડ 3-3 વખત યજમાની કરી ચૂક્યા છે. છેલ્લું યજમાન ફ્રાન્સ હતો.

# સુનિલ ગાવસ્કરે IPL ટ્રેડ પર સવાલ ઉઠાવ્યો

### ખેલાડીની ડીલની રકમ સાર્વજનિક થાય, તો જ સેલરી કેપ પર નજર રાખી શકાશે

મુંબઈ

પૂર્વ ભારતીય કેપ્ટન સુનીલ ગાવસ્કરે IPLમાં ખેલાડીઓના ટ્રેડને લઈને સંપૂર્ણ નાણાકીય વિગતો સાર્વજનિક કરવાની માગ કરી છે. ગાવસ્કરે કહ્યું કે જ્યારે કોઈ ખેલાડી એક ફ્રેન્ચાઈઝીમાંથી બીજી ટીમમાં ટ્રેડ થાય છે, ત્યારે તેની ડીલની રકમ પણ સાર્વજનિક ડોમેનમાં હોવી જોઈએ. આનાથી બધી ફ્રેન્ચાઈઝીઓને ખબર પડશે કે ટીમે નિર્ધારિત સેલરી કેપનું પાલન કર્યું છે કે નહીં.

ગાવસ્કરે કહ્યું- અત્યારે માત્ર 4 પક્ષોને જ રકમની જાણ થાય છે ગાવસ્કરે 'મિડ-ડે'ના પોતાના કૉલમમાં લખ્યું કે કોઈ ખેલાડીના ટ્રેડની રકમની જાણકારી બંને ફ્રેન્ચાઈઝીઓ, ખેલાડી અને



BCCIને હોય છે. બાકીની ટીમને આ ડીલની સંપૂર્ણ નાણાકીય જાણકારી મળતી નથી. તેમના મતે, આનાથી અન્ય ફ્રેન્ચાઈઝીઓ માટે એ તપાસવું મુશ્કેલ બની જાય છે કે કોઈ ટીમે નિર્ધારિત સેલરી કેપની અંદર રહીને ટ્રેડ કર્યો છે કે નહીં. તેથી, ટ્રેડની રકમને સાર્વજનિક કરવી પારદર્શિતા માટે જરૂરી છે. કહ્યું- આ માત્ર બે પક્ષોનો મામલો નથી ગાવસ્કરના મતે IPL વિશ્વની સૌથી મોટી T-20 લીગ છે, તેથી તેના કામકાજમાં પારદર્શિતા અત્યંત જરૂરી છે. ટ્રેડની રકમ સાર્વજનિક થવાથી તમામ ફ્રેન્ચાઈઝીઓને એકસરખી માહિતી મળશે અને લીગના નિયમોને લઈને ઉભા થતા પ્રશ્નો ઘટાડી શકાશે. પંત-કુલદીપનો પણ ટ્રેડ થયો 2026 સીઝન પહેલા સંજુ સેમસન રાજસ્થાન રોયલ્સથી ચેન્નઈ સુપર કિંગ્સમાં ટ્રેડ થયા હતા. તેની લીગ ફી 18 કરોડ રૂપિયા જણાવવામાં આવી હતી.

2026 સીઝન પૂરી થયા પછી રિષભ પંત અને કુલદીપ યાદવનો પણ ટ્રેડ થયો. પંત LSGથી દિલ્હી કેપિટલ્સ પરત ફર્યો, જ્યારે કુલદીપ દિલ્હીથી LSGમાં ગયો. IPL મુજબ પંતની નવી ફી 15 કરોડ અને કુલદીપની 13.50 કરોડ રૂપિયા છે.



### નાણા મંત્રીએ કહ્યું- બેંકોનું NPA સૌથી નીચલા સ્તરે

# બેંકિંગ સુધારા માટે બનશે હાઈ-લેવલ કમિટી

મુંબઈ

સરકાર ટૂંક સમયમાં બેન્કિંગ સેક્ટરમાં સુધારા માટે પોતાની હાઈ-લેવલ કમિટીની જાહેરાત કરશે. નાણા મંત્રી નિર્મલા સીતારમણે સોમવારે નવી દિલ્હીમાં આયોજિત બે દિવસીય PSB કોન્ફ્લુઅન્સ 2026ના પહેલા દિવસે આ જાહેરાત કરી. નાણા મંત્રાલયના એક સૂત્ર અનુસાર, આ કમિટીની રચના આ જ મહિને થઈ શકે છે.

બજેટ 2026-27માં રખાયો હતો કમિટીનો પ્રસ્તાવ. આ હાઈ-લેવલ કમિટીની રચના કરવાનો પ્રસ્તાવ સૌથી પહેલા કેન્દ્રીય બજેટ 2026-27માં રખાયો હતો. નાણા મંત્રી સીતારમણે વિકસિત ભારત



માટે બેન્કિંગ પર હાઈ-લેવલ કમિટી બનાવવાની યોજનાની જાહેરાત કરી હતી. તેનો મુખ્ય ઉદ્દેશ્ય બેન્કિંગ સેક્ટરને દેશના આર્થિક વિકાસના લક્ષ્યોને અનુરૂપ બનાવવું અને સમીક્ષા કરવી છે. જોકે, હજુ સુધી આ સમિતિનું ઔપચારિક રીતે ગઠન થવાનું બાકી છે. 2047ના વિકસિત ભારત લક્ષ્ય પર ફોકસ રહેશે નાણા મંત્રીએ સ્પષ્ટ કર્યું કે આ પેનલ 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે બેંકોની ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેમણે કાર્યક્રમ દરમિયાન જણાવ્યું કે કમિટી વિકસિત ભારત તરફ બેંકોની ભૂમિકાની સમીક્ષા કરશે. વર્ષ 2047 હવે બહુ દૂર નથી. NPA સૌથી નીચલા સ્તરે, સુધારાઓ લાગુ કરવાનો યોગ્ય સમય. નાણા મંત્રીએ દેશના બેંકિંગ સેક્ટરમાં આવેલા સુધારાઓ અને એસેટ ક્વોલિટીનો ઉલ્લેખ કરતા નવા બદલાવોની જરૂરિયાત જણાવી. સીતારમણે કહ્યું કે બેંકિંગ સેક્ટરમાં નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (NPA) અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરે છે.

### ભારત સરકારના મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરને E20 પેટ્રોલને લઈને મોટી વાત કરી

# જૂના વાહનો માટે E10 પેટ્રોલ પાછું લાવો...', સરકારના આર્થિક સલાહકારે જ આપી સલાહ

**નાગેશ્વરને 'ફૂડ-વર્સિસ-ફ્યુઅલ' મુદ્દે ચિંતા વ્યક્ત કરી અને કહ્યું કે E20થી આગળ વધતા પહેલા ખેતી, પાણી અને ખાદ્ય સુરક્ષાનું ગણિત તપાસવું જરૂરી છે. જોકે, તેમણે E20થી માઈલેજ ઘટવા કે એન્જિન ખરાબ થવાના દાવાઓને ખોટા ગણાવ્યા હતા**

મુંબઈ

E20 (20% ઈથેનોલ મિશ્રિત) પેટ્રોલને લઈને દેશભરમાં ઘમાસાણ મચ્યું છે. રસ્તાથી લઈને સંસદ અને સોશિયલ મીડિયા સુધી દરેક જગ્યાએ એ વાતની ચર્ચા થઈ રહી છે કે, આ ફ્યુઅલના કારણે વાહનોનું માઈલેજ ઘટી રહ્યું છે અને એન્જિનના સ્પેરપાર્ટ્સ કે કમ્પોનન્ટ્સ ખરાબ થઈ રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે મોટી સંખ્યામાં વાહનચાલકો E5 અને E10 જેવા લો-ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલના વિકલ્પો ઉપલબ્ધ કરાવવાની માગ કરી રહ્યા છે. આ વચ્ચે પ્રથમ વખત સરકારમાં રહેલી કોઈ જવાબદાર વ્યક્તિએ E10 ફ્યુઅલની વાપસીની વાત કરી છે. E20 પેટ્રોલને લઈને હવે સવાલ માત્ર એ નથી રહ્યો કે, તમારી ગાડીનું એન્જિન ચાલશે કે નહીં, પરંતુ સવાલ એ છે કે પેટ્રોલ બચાવવાની આ ઝુંબેશમાં ક્યાંક દેશની ખેતી, પાણી અને ખાદ્ય સુરક્ષાનું ગણિત



તો નથી બગડી રહ્યું ને! આ સવાલને એટલા માટે પણ હળવાશથી લઈ શકાય તેમ નથી, કારણ કે આ મુદ્દો કોઈ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર કે ટિકાકારે નહીં, પરંતુ ખુદ ભારત સરકારના મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વર(V Anantha Nageswaran)ને ઉઠાવ્યો છે. નાગેશ્વરને પોતાના એક લેખમાં E20થી આગળ E27 કે E30 તરફ કદમ વધારતા પહેલા 'ફૂડ-વર્સિસ-ફ્યુઅલ ટ્રેડ ઑફ' એટલે કે ખાદ્ય સુરક્ષા અને બળતણ વચ્ચેની સ્પર્ધાનો સંપૂર્ણ હિસાબ માંડવાની સ્પષ્ટ જરૂરિયાત દર્શાવી છે. અત્યાર સુધી E20ને પેટ્રોલના શ્રેષ્ઠ વિકલ્પ, ક્રૂડ ઓઈલની આયાત ઘટાડવાના હથિયાર અને પર્યાવરણીય ફાયદાના સફળ મોડલ તરીકે જોવામાં આવતું હતું, પરંતુ તેમાંથી આગળ વધતા પહેલાં ગંભીર વિચારવિમર્શ કરવો અનિવાર્ય બન્યો છે. હવે મૂળ સવાલ એ ઊભો થયો છે કે, મકાઈથી પેટ્રોલની ટાંકી ભરાશે કે લોકોનું પેટ? કારણ કે એન્જિનની ચર્ચા વચ્ચે આખરી જંગ એ જમીન અને પાણીની છે, જેને એકવાર બળતણ ઉત્પાદન તરફ વાળી દેવાયા બાદ પુનઃ ખાદ્ય પાકો તરફ વાળવું સરળ નહીં રહેશે. મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરને સરકારને જૂના વાહનો માટે E10 ફ્યુઅલને પરત લાવવાની સલાહ આપી છે.

### આ મહિને સોનું ₹11 હજાર મોંઘું થયું

# સોનું ₹1,703 વધીને ₹1.54 લાખ થયુ, ચાંદી ₹2.36 લાખ પ્રતિ કિલો થઈ

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 17 ઓગસ્ટે વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1,703 રૂપિયા વધીને 1.54 લાખ રૂપિયા પર પહોંચી ગયો છે. એક કિલો ચાંદીની કિંમત 2,531 રૂપિયા વધીને 2.36 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ મહિને એટલે કે ઓગસ્ટમાં માત્ર 17 દિવસમાં જ સોનું 11 હજાર અને ચાંદી 18 હજાર રૂપિયા મોંઘી થઈ ગઈ છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધી 21 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ



સોનું 1.33 લાખ રૂપિયાથી ઉપર હતું, જે હવે 1.54 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. ચાંદીની કિંમતમાં 6 હજાર રૂપિયાનો વધારો થયો છે. ચાંદી 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.36 લાખ રૂપિયા પર છે. આ દરમિયાન 29 જાન્યુઆરીએ સોનું 1.76 લાખ રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયા ઓલટાઈમ હાઈ પપ પહોંચી હતી કોમોડિટી એક્સપર્ટ અજય કેડિયાના મતે સોના-ચાંદીના ભાવ તેના હાઈથી ઘણા નીચે આવી ગયા છે. આવી સ્થિતિમાં, રોકાણકારો તેમાં રોકાણ કરી શકે છે, જોકે એકસાથે રોકાણ કરવાનું ટાળવું જોઈએ. અજય કેડિયાના મતે, વર્ષના અંત સુધીમાં સોનું ફરી એકવાર 1.60 લાખ અને ચાંદી 2.80 લાખ રૂપિયા સુધી જઈ શકે છે. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

# સેન્સેક્સ 280 પોઈન્ટ ઘટીને 77,728 પર બંધ

- **નિફ્ટી પણ 78 પોઈન્ટ ઘટ્યો; IT અને FMCG શેરોમાં સૌથી વધુ વેચવાલી**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 17 ઓગસ્ટે ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 280 પોઈન્ટ ઘટીને 77,728ના સ્તરે બંધ થયો. નિફ્ટીમાં પણ લગભગ 78 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 24,287 પર બંધ થયો. IT અને FMCG શેરોમાં સૌથી વધુ વેચવાલી થઈ. આજથી 2 IPO ઓપન થયા. હોરાઈઝન



ઈન્ડસ્ટ્રિયલ પાર્ક્સ અને લલિતા જ્વેલરી માર્ટના IPO આજથી ઓપન થઈ ગયા છે. આમાં રોકાણકારો 19 ઓગસ્ટ સુધી બોલી લગાવી શકશે. લલિતા જ્વેલરી માર્ટ આ IPO દ્વારા 1,700 કરોડ રૂપિયા અને હોરાઈઝન ઈન્ડસ્ટ્રિયલ પાર્ક્સ 2,600 કરોડ રૂપિયા ભેગા કરવા માંગે છે.

આ પહેલા શુક્રવારે એટલે કે 14 ઓગસ્ટે બજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 70 પોઈન્ટ ઘટીને 79,009 પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 29 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો, તે 24,366ના સ્તરે બંધ થયો હતો.

### અમદાવાદમાં વિવિધ યુનિયનો દ્વારા ધરણા પ્રદર્શન

# પગાર, પેન્શન સહિતના પડતર પ્રશ્ને ભારતીય મજદૂર સંઘનું રાજ્યવ્યાપી આંદોલન




**પડતર માગણીયો સ્વીકારવામાં આવે તે માટે સરકાર પાસે રજૂઆત કરી રહ્યા છીએ, મોટાભાગના કર્મચારીઓને બોનસ આપવામાં આવતું નથી જેથી તે લોકોને પણ બોનસ આપવામાં આવે અને તેની મર્યાદા વધારવામાં આવે તેવી પણ અમારી માંગણી છે**

અમદાવાદ

ભારતીય મજદૂર સંઘની સાથે સાથે અન્ય યુનિયનો દ્વારા પણ પગાર-પેન્શન સહિતના બાકી પ્રશ્ને કલેકટર કચેરી ખાતે ધરણા પ્રદર્શન અને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં અલગ અલગ યુનિયનના લોકોએ સમાન કામ સમાન વેતનના નારા લગાવી વિરોધ દર્શાવ્યો હતો. ઘણા સમયથી સરકાર માંગણીઓ ન સ્વીકારતી હોવાથી કલેકટરને આવેદનપત્ર આપીને પ્રધાનમંત્રી સુધી રજૂઆત પહોંચાડવામાં આવી છે. તો આંગણવાડી બહેનોને પણ પૂરતું વેતન આપવામાં ન આવતા તે લોકોએ પણ પોતાની વેદના વ્યક્ત કરી હતી. 10 હજારમાં ઘર ચલાવવું મુશ્કેલ બન્યું હોવાનું કહી પગાર વધારવા માટે સરકાર પાસે માંગ કરી છે. ભારતીય મજદૂર સંઘના પ્રદેશ અધ્યક્ષ શૈલેષ જોષીએ જણાવ્યું હતું કે, રાચી ખાતે મળેલી કારોબારીમાં વિરોધ પ્રદર્શન અને ધરણા કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જેથી તેને લઈને જિલ્લા કલેકટર કચેરી ખાતે મોટી સંખ્યામાં અમારા કાર્યકર્તાઓ એકત્રિત થયા છે. પડતર માગણીયો સ્વીકારવામાં આવે તે માટે સરકાર પાસે રજૂઆત કરી રહ્યા છીએ. મોટાભાગના કર્મચારીઓને બોનસ આપવામાં આવતું નથી જેથી તે લોકોને પણ બોનસ આપવામાં આવે અને તેની મર્યાદા વધારવામાં આવે તેવી પણ અમારી માંગણી છે. અનેક કર્મચારીઓને સ્કીમ વર્કર હેઠળ આવરી લેવામાં આવ્યા છે તેમજ તેમના વેતનમાં વધારો કરવામાં આવતો નથી. જેથી સ્કીમ વર્કર હેઠળ ના કર્મચારીઓને કાયમી કરવામાં આવે અને તેમના વેતનમાં વધારો કરવામાં આવે તેવી પણ માંગ કરીએ છીએ. સમાન કામ સમાન વેતન આપવામાં આવે તેવી પણ રજૂઆત કરીએ છીએ. ખાનગીકરણ અને કોન્ટ્રાક્ટ પ્રથા સંપૂર્ણ નાબૂદ કરવા માટે પણ વિરોધ પ્રદર્શન કરીને માંગ કરીએ છીએ.

### સત્ય પર સેન્સરશિપ કે ક્રાંતિનો ખોફ?

# સરકારી શાળાઓમાં મીડિયાના પ્રવેશ પર પ્રતિબંધથી ઉઠ્યા ગંભીર સવાલો!

**"વિકાસ મોડેલ"ના દાવાઓ વચ્ચે શાળાની કડવી વાસ્તવિકતા છુપાવવાનો મથામણ: Gen Alphaની જાગૃતિ અને પત્રકારોના કેમેરાથી કેમ ડરી ગયું શિક્ષણ તંત્ર?**

અમદાવાદ

પોતાને 'વિશ્વગુરુ' અને ૫૬ ઇંચની છાતી ધરાવતી મજબૂત સરકાર ગણાવતા શાસકોના દિલમાં હવે કયો ડર પેસી ગયો છે, તે એક મોટો યક્ષપ્રશ્ન બની ગયો છે. સરકારી શાળાઓની અંદર મીડિયાના પ્રવેશ પર નિયંત્રણો મૂકીને કે પત્રકારોને કેમેરા સાથે પ્રવેશતા રોકીને તંત્ર આખરે શું છુપાવવા માંગે છે? શું દાયકાઓથી જે 'ગુજરાત મોડેલ' અને શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિકારી બદલાવના મોટા-મોટા બોર્ડ મારમાં આવે છે, તેની પાછળ પીગળતી છત, તૂટેલા બેન્ચ અને શિક્ષકોની અછતનો કડવો અરીસો દેખાઈ જવાની બીક છે?

આજે ટેક્નોલોજીના યુગમાં Gen Alpha (આજના બાળકો અને યુવાનો) પોતાના અધિકારો અને સુવિધાઓ પ્રત્યે અત્યંત જાગ્રત છે. શાળામાં પીવાના પાણીની સમસ્યા હોય, તૂટેલું શૌચાલય હોય કે વર્ગખંડમાં પંખા વગર શેકાતા બાળકો હોય–યુવાનો સ્માર્ટફોન



અને સોશિયલ મીડિયાના માધ્યમથી મિનિટોમાં તંત્રની પોલ ખોલી રહ્યા છે. મીડિયા અને યુવા પેઢીના આ કેમેરા હવે સરકારી દાવાઓનો પર્દાફાશ કરી રહ્યા છે, ત્યારે પારદર્શિતા લાવવાને બદલે શાળાઓના દરવાજા મીડિયા માટે બંધ કરી દેવાનો આ નિર્ણય તંત્રની નબળાઈ ચૌટા પર લાવીને મૂકે છે.

લોકશાહીના ચોથા સ્તંભ સમાન મીડિયાને જો સરકારી શાળાઓમાં જવાની જ મનાઈ કરી દેવામાં આવશે, તો સરકારી શાળાઓની દુર્દશા અને ગરીબ બાળકોના શિક્ષણ સાથે થતા ખીલવાડને દેશ સામે કોણ લાવશે? જો શાળાઓમાં ખરેખર ક્રાંતિકારી વિકાસ થયો છે, તો તેને કેમેરા સામે લાવતા કેમ ડરવામાં આવે છે?

# વાસણામાંથી AMC કર્મચારીઓનો સ્વાંગ રચી 7 લાખના કોપર કેબલ ચોરતી ગેંગના 4 આરોપી ઝડપાયા



અમદાવાદ

અમદાવાદના વાસણામાં AMC કર્મચારી બની, BSNLના અંડરગ્રાઉન્ડ ડક્ટમાંથી 7 લાખના કોપર કેબલ ચોરતી ટોળકીનો પોલીસે પર્દાફાશ કર્યો છે. મોડી રાત્રે રેડિયમ જેકેટ પહેરી, ક્રેન વડે કેબલ કાઢી ચોરી આચરી હતી. BSNL સ્ટાફની શંકાથી પોલીસે 4 આરોપીઓને ઝડપ્યા, ફરાર સાગરિતોની શોધ ચાલુ છે.

વાસણા વિસ્તારમાં ચોરીની એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના કર્મચારીઓનો સ્વાંગ રચીને BSNLના અંડરગ્રાઉન્ડ ડક્ટમાંથી 7 લાખ રૂપિયાની કિંમતના કોપર કેબલની ચોરી કરતી ટોળકીનો વાસણા પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે આ મામલે 4 આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે ફરાર અન્ય સાગરીતોની શોધખોળ શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર, 15મી ઓગસ્ટની મોડી રાત્રે વાસણા વિસ્તારમાં કેટલાક શખ્સો AMC ના રેડિયમ જેકેટ પહેરીને અને જરૂરી સાધનો સાથે પહોંચ્યા હતા. તેણે પોતાની ઓળખ AMCના કર્મચારીઓ તરીકે આપી BSNLના સિક્યોરિટી ગાર્ડને એક બાજુ બેસાડી દીધો હતો. ત્યારબાદ ટોળકીના સભ્યોએ ક્રેનની મદદથી બિન્દાસ્ત રીતે BSNLના ડક્ટ ખોલવાનું કામ શરૂ કર્યું હતું.


### સરકારી યુનિવર્સિટીમાં UG-PG પ્રવેશનો અંતિમ રાઉન્ડ

# પૂરક પરીક્ષા પાસ વિદ્યાર્થીઓ 23 ઓગસ્ટ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવી શકશે

**GCASએ વિદ્યાર્થીઓને ખાસ સૂચના આપી છે કે, દરરોજ પોર્ટલ પર લોગ-ઇન કરીને મળેલી પ્રવેશ ઓફર ચેક કરવી. તેમજ ઓફર મળ્યા બાદ નિશ્ચિત સમય મર્યાદામાં વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવવો પડશે**

અમદાવાદ

સરકારી યુનિવર્સિટીમાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે GCASએ આજથી ખાસ અંતિમ રાઉન્ડ શરૂ કર્યો છે. CBSE બોર્ડ તેમજ વિવિધ યુનિવર્સિટીઓની પૂરક પરીક્ષાના પરિણામોને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓના હિતમાં આ વિશેષ રાઉન્ડ શરૂ કરાયો છે. ખાલી બેઠક આધારિત કાઉન્સેલિંગ એટલે કે VSBC હેઠળ વિદ્યાર્થીઓને પ્રવેશની વધુ એક તક આપવામાં આવી છે. આગામી 23 ઓગસ્ટ 2026 સુધી સુધી રજિસ્ટ્રેશન કરાવી શકાશે, તેમજ અરજી એડિટ અને પ્રેફરન્સ ચેન્જ કરી શકાશે.



આ રાઉન્ડમાં પૂરક પરીક્ષા પાસ કરનારા વિદ્યાર્થીઓ પણ પ્રવેશ માટે અરજી કરી શકશે. જેમાં વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરીને ફી ભરવી પડશે. ત્યારબાદ પ્રોફાઇલ, શૈક્ષણિક માહિતી અને જરૂરી પ્રેફરન્સ ભરી દસ્તાવેજો અપલોડ કરી ફોર્મ સબમિટ કરવું પડશે. જો અગાઉ પ્રવેશ કન્ફર્મ કર્યો હોય તો અરજી એડિટ અથવા પ્રેફરન્સ ચેન્જ કરતા પહેલા તેને કેન્સલ કરવી પડશે અને દરેક એડિટ બાદ ફોર્મ ફરી સબમિટ ફરજિયાત કરવું પડશે.

જે બાદ આગામી 25 ઓગસ્ટ સુધી કોલેજો દ્વારા પ્રવેશ ઓફર અને કન્ફર્મેશનની પ્રક્રિયા ચાલશે. વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી-કોલેજ દ્વારા મળેલી ઓફર સ્વીકારી, અસલ દસ્તાવેજો સાથે કોલેજમાં રિપોર્ટિંગ કરી ફી ભરી OTP મારફતે પ્રવેશ કન્ફર્મ કરવવો પડશે. આ અંતિમ રાઉન્ડમાં M.A., M. Com., M.Sc., B.Ed., LL.B., પીજી ડિપ્લોમા સહિત વિવિધ યુજી અને પીજી પ્રોગ્રામ્સમાં પ્રવેશ આપવામાં આવશે. GCASએ વિદ્યાર્થીઓને ખાસ સૂચના આપી છે કે, દરરોજ પોર્ટલ પર લોગ-ઇન કરીને મળેલી પ્રવેશ ઓફર ચેક કરવી. તેમજ ઓફર મળ્યા બાદ નિશ્ચિત સમય મર્યાદામાં વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવવો પડશે. તેમજ મેજર અને સ્પોર્ટ્સ કોટા જેવા વિકલ્પો માટે વિદ્યાર્થીઓ કોલેજનો સંપર્ક કરીને ફોર્મ સબમિટ કરાવી શકશે.

### પગ વડે બાઇકનું લોક તોડી ચોરી કરનાર ઝડપાયો

# મોંઘા સ્પોર્ટ્સ બાઇક ચોરી રાજસ્થાનમાં વેચી મોજશોખ પૂરા કરતો, 6 બાઇક પણ કબજે કરાયા

અમદાવાદ

અમદાવાદ શહેરના પોશ વિસ્તારોમાંથી સ્પોર્ટ્સ બાઈક ચોરી કરતી રીઢા વાહનચોર ટોળકી સામે સોલા પોલીસે મોટી સફળતા મેળવી છે. પગ વડે જોરથી ફટકો મારી બાઈકનું હેન્ડલ લોક તોડી ચોરી આચરતા એક શાતિર તસ્કરને સોલા પોલીસે ઝડપી લીધો છે. ઝડપાયેલા આરોપી પાસેથી વિવિધ વિસ્તારોમાંથી ચોરેલી 6 મોંઘીદાટ સ્પોર્ટ્સ બાઈક કબજે કરવામાં આવી છે. આ ગેંગ અમદાવાદમાંથી બાઈક ચોરી કરીને રાજસ્થાનમાં સસ્તા ભાવે વેચી મારતી હતી. સોલા પોલીસ સ્ટેશનના પીઆઈ કે.એન. ભૂકણ અને પીએસઆઈ એસ.જે. દેસાઈની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે સિલ્વર ઓક કોલેજ નજીક વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલા એક બાઈક સવારને રોકી પોલીસે વાહનના દસ્તાવેજો માંગ્યા હતા. ચાલક ગલ્લાંતલ્લાં કરવા લાગતાં પોલીસે કડક પૂછપરછ કરતાં બાઈક ચોરીનું હોવાનો ખુલાસો થયો હતો. પોલીસે તાત્કાલિક આરોપી વિકાસ પરમારની ધરપકડ કરી રિમાન્ડની તજવીજ હાથ ધરી હતી.



પોલીસ પૂછપરછમાં આરોપીની ચોંકાવનારી કાર્યપદ્ધતિ સામે આવી છે. આરોપી પોતાના સાથીદાર સાથે મળીને માત્ર સ્પોર્ટ્સ બાઈકને જ નિશાન બનાવતો હતો. કોઈપણ વાયર કાપ્યા વગર પગ વડે હેન્ડલ પર જોરથી ફટકો મારી ક્ષણભરમાં લોક તોડી નાખતો હતો.

### યુવતીના પગ પર કાતર વડે પ્રેમીએ પોતાનું નામ કોતરાવ્યું

# વિકૃત પ્રેમીના જાળમાં ફસાઈ 19 વર્ષીય વિદ્યાર્થીની, પોલીસ પણ મામલો જાણી ચોંકી

અમદાવાદ

અમદાવાદના ઘુમામાં 19 વર્ષીય કોલેજ છાત્રા સાથે વિકૃત કૃત્યનો કિસ્સો સામે આવ્યો છે. સેટેલાઇટના કર્તવ્ય મણિયારે 2 ઓગસ્ટે યુવતીનો ઇન્સ્ટાગ્રામ પાસવર્ડ મેળવી, ન્યૂડ વીડિયો રેકોર્ડ કર્યો હતો. તેણે બ્લેકમેલ કરી યુવતીના પગ પર કાતર વડે પોતાનું નામ કોતરાવ્યું અને 4000 પડાવ્યા. આટલું જ નહીં, આરોપીએ યુવતીના ઇન્સ્ટાગ્રામ પર બિભત્સ ફોટો પણ મુક્યો. આખરે, પીડિતાએ બોપલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.




ઘુમામાં રહેતી અને ખાનગી યુનિવર્સિટીમાં ફોરેન્સિક સાયન્સના બીજા વર્ષમાં અભ્યાસ કરતી 19 વર્ષીય વિદ્યાર્થીની સાથે તેના જ પ્રેમીએ વિકૃત કૃત્ય કર્યાની ઘટના સામે આવી છે. સેટેલાઇટ વિસ્તારમાં રહેતા કર્તવ્ય મણિયાર નામના યુવકે ગત 2 ઓગસ્ટના રોજ વીડિયો કોલ કરી પોતાનું ઇન્સ્ટાગ્રામ બરાબર ચાલતું ન હોવાનું બહાનું કાઢીને યુવતી પાસેથી તેનો પાસવર્ડ મેળવી લીધો હતો. ત્યારબાદ તેણે ન્યૂડ વીડિયો કોલ રેકોર્ડ કરીને યુવતીને બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું હતું. આરોપીએ યુવતીને ડરાવી ધમકાવીને તેના પગના સાથળ પર કાતર વડે પોતાના નામનો પહેલો અક્ષર કોતરવા મજબૂર કરી હતી. એટલું જ નહીં યુવકે વિડિઓ વાઈરલ કરવાની ધમકી આપી રૂપિયા પણ લીધા હતા. જે બાદ યુવતીએ કર્તવ્ય મણિયાર સામે બોપલ પોલીસ મથકે ફરિયાદ લખવી છે.

રેકોર્ડ કરેલા વીડિયોનો ડર બતાવીને કર્તવ્યે યુવતી પાસે વિચિત્ર માંગણીઓ કરી હતી. તેણે ધમકી આપી હતી કે જો તે અલગ અલગ છોકરીઓ સાથે ડેટિંગ કરવા માટે દર મહિને 10000 રૂપિયા નહીં આપે તો તે આ વીડિયો વાયરલ કરી દેશે. ડરી ગયેલી યુવતીએ શરૂઆતમાં 4000 રૂપિયા ટ્રાન્સફર પણ કર્યા હતા.

આમ છતાં, આરોપીએ યુવતીના જ ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી તેનો ચહેરો બ્લર કરીને બિભત્સ લખાણ સાથે ફોટો અને સ્ટોરી અપલોડ કરી દીધી હતી. આ ઉપરાંત, તેણે યુવતીને અન્ય કોઈ વ્યક્તિ સાથે સંબંધ ન રાખવાની પણ ધમકી આપી હતી.

# સેવા અને સમર્પણના 6 વર્ષ પૂર્ણ: 'સમગ્ર પ્રજાપતિ યુવા શક્તિ સંગઠન' દ્વારા વડીલો માટે નિ:સ્વાર્થ 'અમદાવાદ દર્શન' યાત્રા

અમદાવાદ

કોઈપણ જાતના જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર અને કોઈપણ રાજકીય સ્વાર્થ વિના વડીલોની સેવા કરવી એ જ સૌથી મોટો ધર્મ છે. આ સૂત્રને ચરિતાર્થ કરતા 'સમગ્ર પ્રજાપતિ યુવા શક્તિ સંગઠન' દ્વારા આયોજિત સિનિયર સિટીઝન 'અમદાવાદ દર્શન' યાત્રાને સફળતાપૂર્વક 6 વર્ષ (2021 થી 2026) પૂર્ણ થયા છે. આ યાત્રાની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં દરેક સમાજના સિનિયર સિટીઝન મહિલાઓ જોડાય છે. આયોજકો દ્વારા તમામ વડીલો માટે ચા-નાસ્તો અને ફરાળની સંપૂર્ણ ફ્રી વ્યવસ્થા કરવામાં આવે છે, જ્યાં વડીલોએ માત્ર પોતાની પાણીની બોટલ જ સાથે લાવવાની હોય છે. સમગ્ર યાત્રા દરમિયાન વડીલોનો અસીમ આનંદ અને ઉલ્લાસ જ આયોજકો માટે આશીર્વાદરૂપ બની રહે છે. સતત 6 વર્ષથી યાત્રાનો આનંદ માણી રહેલા વડીલ માતાઓ–રાગીણીબેન પટેલ, ચંપાબેન પટેલ, કોકીલાબેન, શીતલબેન, ભારતીબેન અને દમુબેન સહિતના સિનિયર સિટીઝનોએ એકઠા થઈને આયોજકનું સાલ ઓઢાડીને ભાવભીનું સન્માન કર્યું હતું અને દિલથી આશીર્વાદ પાઠવ્યા હતા.



### RPF જવાનોની સતર્કતાથી કર્ણાટક જતો માસ્ટર પ્લાન નિષ્ફળ!

# ઓનલાઈન ગેમિંગના સળગતા જાળમાં ફસાયેલી જોધપુરની બે સગીરાઓનું અમદાવાદમાં કાલુપુર રેલવે સ્ટેશન પર ગ્રાન્ડ રેસ્ક્યૂ

અમદાવાદ

સોશિયલ મીડિયા અને ઓનલાઈન ગેમિંગના માધ્યમથી સગીરાઓને જાળમાં ફસાવી તેમનું અપહરણ કરવાના આંતરરાજ્ય કાવતરાનો અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન ખાતે રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF)ના જાંબાઝ જવાનોએ પર્દાફાશ કર્યો છે. રાજસ્થાનના જોધપુરથી અપહરણ કરાયેલી બે માસૂમ સગીરાઓને કર્ણાટક લઈ જવાય તે પહેલાં જ કાલુપુર સ્ટેશન પરથી સફળતાપૂર્વક રેસ્ક્યૂ કરવામાં આવી છે. આ સાથે જ સગીરાઓને લગ્નની ખોટી લાલચ આપી ફસાવનારા બેંગ્લોરના બે રીઢા યુવકોની પણ ધરપકડ કરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રાજસ્થાનના જોધપુરની રહેવાસી બે સગીરાઓને ઓનલાઈન ગેમિંગ રમતા રમતા બેંગ્લોરના બે શખ્સો સાથે પરિચય થયો હતો. વાતચીત વધતાં આરોપીઓએ સગીરાઓને પ્રેમજાળમાં ફસાવી લગ્ન કરવાની મોટી-મોટી લાલચ આપી હતી. આરોપીઓએ એક માસ્ટર પ્લાન તૈયાર કર્યો હતો અને બંને સગીરાઓને ઘરમાંથી ભગાવીને કર્ણાટક લઈ જવાનો પ્લાન બનાવ્યો હતો. પોલીસ પકડથી બચવા માટે આરોપીઓએ સગીરાઓના મોબાઈલ ફોન ચાલુ ટ્રેનમાંથી બહાર ફેંકી દીધા હતા અને તેમના નામના ખોટા આઈડી કાર્ડ પણ બનાવી લીધા હતા જેથી કોઈને શંકા ન જાય. આરોપીઓ સગીરાઓને લઈને કાલુપુર રેલવે સ્ટેશન પર પહોંચ્યા ત્યારે RPFના જવાનોને તેમની ચાલઢાલ અને હલચલ પર શંકા ગઈ હતી. જવાનોએ ત્વરિત કડક પૂછપરછ હાથ ધરતાં જ આરોપીઓની હવા નીકળી ગઈ હતી. તપાસ દરમિયાન સામે આવ્યું કે બંને યુવતીઓ જોધપુરથી ગુમ થયેલી સગીરાઓ છે અને તેમના અપહરણ અંગે રાજસ્થાનમાં ગુનો પણ નોંધાયેલો છે. RPF ની તકેદારી અને સતર્કતાના કારણે બેંગ્લોરના બંને અપહરણકારોના માસ્ટર પ્લાનનો કાલુપુર સ્ટેશને જ ફ્લોપ શો થઈ ગયો હતો.



આ સનસનાટીભર્યા કિસ્સાએ સોશિયલ મીડિયા અને ઓનલાઈન ગેમિંગના રસ્તે ફેલાયેલા કાળા ઝાળ પર ફરી એકવાર સવાલો ઉભા કર્યા છે: ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મ્સ પર માસૂમ બાળકો અને સગીરાઓને ટાર્ગેટ કરતા આવા સાયબર ક્રિમિનલ્સ સામે ક્યારે કડક કાયદાકીય શિકંજો કસાશે?

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI